# સહજ-સત્સંગ

અંક : ૨૮૭ વર્ષ : ૨૪ તંત્રી : માનસિંહભાઈ ચાવડા નવેમ્બર - ૨૦૧૨



**વિશ્વેશ્વરમ્**
(કાશી, બનારસ, ઉત્તર પ્રદેશ)



# મા મીરાંબિકા

If in work you meet with some difficulties, look sincerely into yourself and there you will discover their origin.

- The Mother

**યશનો માર્ગ**

ભાવાનુવાદ

જ્યારે કાર્ય અવરુદ્ધ થતું, લાગે તમને ખાસ,
ત્યારે આત્મનિરિક્ષણ કરો, પ્રામાણિકતાની સાથ.
જો કોઈ આંટી દિશે, તે જ અવરોધનું મૂળ,
તેનું નિવારણ કરવા મથો, ન કરો તેમાં કોઈ ભૂલ.

- શ્રી માતાજી

# પ્રાર્થનાઓ અને ધ્યાન

- શ્રી માતાજી

(૨૪ ઑગસ્ટ ૧૯૧૪)



મેં જે જ્ઞાનની આટલા બધા સમયથી ઝંખના કરી હતી તેના પ્રથમ શબ્દો તેં મને આપ્યાં છે અને એ જ્ઞાનની સાથે સાક્ષાત્કારના હરેક ક્ષેત્રમાં..... સાચી શક્તિ મળી આવી છે.

જે પ્રયત્ન કર્યો હતો તેના જવાબરૂપે પડદો ચિરાઈ ગયો છે. આ માર્ગ આ જ રીતે સર્વ કોઈને માટે પણ ખુલ્લો બની રહો.

મનુષ્ય..... આખરે તો તે એક મર્યાદિત વ્યક્તિ છે..... એ વિશ્વની વિરાટતા સાથે સંબંધમાં હશે તો પણ આ વિરાટતા એની બાહ્યચેતનામાં તો તેનાં પોતાના વ્યક્તિત્વના દૃષ્ટિકોણ મુજબ જ આવિર્ભાવ પામતી રહે છે.

આ બધાં છેલ્લાં વિઘ્નો અમારે સર કરવાં જ જોઈશે..... (અને) જે સત્યની ઝાંખી થઈ છે તે સુદૃઢ રીતે સ્થાપિત થઈ જવી જોઈએ.

મને ખબર હતી કે આ પુસ્તક (આ ડાયરી) આધ્યાત્મિક-જીવનની એક અવસ્થાનાં અંત સાથે સમાપ્ત થવાનું છે અને ખરેખર એમ જ બન્યું છે.

.....અમે અમારી સમક્ષ તેં વિશાળ રીતે ખોલી આપેલા નૂતન માર્ગ ઉપર વેગથી આગળ ધપ્યે જઈશું.

આ એક વધુ વિશાળ અને વધુ સભાન રીતના સાક્ષાત્કારના નવા ક્ષેત્રના પ્રવેશદ્વારમાં અમે ઊભા છીએ.

# અનુક્રમણિકા


| શીર્ષક | પૃષ્ઠ |
|---|---|
| **પ્રાર્થનાઓ અને ધ્યાન** (સાધનાનો નૂતન તબક્કો) | ૩ |
| **શ્રી માતાજીનું માનવજાતિને પ્રદાન** | ૪ |
| **માતૃવાણી** (પુરુષાર્થ અને પ્રારબ્ધ) | ૭ |
| **સાવિત્રી** (શારીરિક ચેતનાની દિવ્ય નિયતિ) | ૧૧ |
| **યોગ વિષે પત્રો** (અનુભૂતિઓની સત્યતા) | ૧૪ |
| **વેદવિજ્ઞાન** (દેવતાઓનો આપસી સંબંધ) | ૧૭ |
| **શ્રી અરવિન્દ : પોતા વિષે** (રૂપાંતર અને વિશુદ્ધિ) | ૧૯ |
| **યોગ પર દીપ્તિઓ** (મન અને પ્રાણ) | ૨૨ |
| **ઉપનિષદો** (ઈશોપનિષદ) | ૨૪ |
| **સાંજના વાર્તાલાપો** (દુઃખોનો સાધનામાં ઉપયોગ) | ૨૮ |
| **વેદ-રહસ્ય** (અગ્નિ : દિવ્ય - સંકલ્પશક્તિ) | ૨૯ |
| **વિદ્યાર્થીઓને માર્ગદર્શન** (દૈનિક જીવનમાં યોગ) | ૩૩ |
| **શ્રી અરવિન્દનાં વિચાર-સૂત્રો** (કર પ્રહાર પ્રભુ) | ૩૬ |
| **અનિરુદ્ધભાઈ સ્માર્ત : પૂર્ણયોગના યાત્રી** | ૩૮ |
| **સર્વાંગી આરોગ્ય** (આધ્યાત્મિક શક્તિઓથી રોગ નિવારણ) | ૩૯ |
| **આત્મસિદ્ધિ** (પૂર્ણયોગનો પરિણામ : સર્વદેશીય પૂર્ણતા) | ૪૩ |
| **સુંદર કથાઓ** (કાચાકાનનો બાદશાહ) | ૪૬ |
| **અધિમનસ - સિદ્ધિદિન** | ૪૭ |
| **કવરપેજ ૧ ઉપરની સમજૂતી કવરપેજ ૪ ઉપર** | |



મા શ્રી અરવિન્દ સાધના કેન્દ્ર ટ્રસ્ટ સંચાલિત, મા શ્રી અરવિન્દ સાધના કેન્દ્ર, રાજકોટનું
શ્રી અરવિન્દ અને શ્રી માતાજીનાં યોગદર્શનની સાદી સરળ ભાષામાં સમજણ આપતું ગુજરાતી ભાષાનું લોકપ્રિય સામયિક

**સહજ-સત્સંગ**
અંક : ૨૮૮ વર્ષ : ૨૪
નવેમ્બર - ૨૦૧૨



સંસ્થાપક અને આદ્યતંત્રી : **સ્વ. ભૂપેન્દ્રભાઈ ત્રિવેદી**
અર્પણ, ૨૫૯, વૃંદાવન સોસાયટી, કાલાવડ રોડ,
રાજકોટ - ૩૬૦૦૦૫

તંત્રી : **માનસિંહભાઈ ચાવડા** મો. ૯૮૨૪૩૭૩૯૨૯
૭, સાંનિધ્ય બંગ્લોઝ, રઘુનંદન પાર્ક, ઈન્કમટેક્સ ઑફિસ પાછળ, રેસકોર્ષ રીંગ રોડ (પશ્ચિમ), રાજકોટ - ૧

સંપાદન સહાયક મંડળ :
**હર્ષદભાઈ ઠકરાર, લલિતભાઈ ઉપાધ્યાય, કમલેશભાઈ માંડવિયા, તેજસ વસા**

સંપર્ક માટે : **શ્રી હર્ષદભાઈ ઠકરાર - મો : ૦૯૪૨૭૨ ૨૨૪૧૫**


**મા શ્રી અરવિન્દ સાધના ટ્રસ્ટને આપેલ અર્પણ (દાન) 80G નીચે ઈન્કમટેક્ષ રાહતને પાત્ર છે.**
**એન. આર.આઈ. ગ્રાહકો ભારતીય - ચલણનો ડ્રાફ્ટ/ ચેક મોકલાવે.**
**(કૃપયા મનીઑર્ડરથી અર્પણ મોકલશો નહિ) ચેક, ડ્રાફ્ટ, પોસ્ટલ ઑર્ડરથી**
**'મા શ્રી અરવિન્દ સાધના ટ્રસ્ટ-રાજકોટ'**ના નામે મોકલશો.
આપનું નામ, સરનામું, જૂનો ગ્રાહક નં. અથવા નવા ગ્રાહક તરીકેનો અચૂક ઉલ્લેખ કરશો.


(આ અંકમાંના શ્રી માતાજી - શ્રી અરવિન્દનાં લખાણો તથા તસ્વીરો શ્રી અરવિન્દ આશ્રમ - પોંડિચેરીના કોપીરાઈટ છે.)



ટાઈપ સેટીંગ તથા પ્રિન્ટીંગ **લા ક્રિએટા** - રાજકોટ - ૦૨૮૧ - ૨૪૬૫૦૭૮

# સાધનાનો નૂતન તબક્કો

(પૃ.૧૭૦-૧૭૧)

**સમજૂતી** - માનસિંહ ચાવડા

માતાજી જે બ્રહ્માંડનું અને માનવી-અસ્તિત્વનું સમગ્ર અખંડ જ્ઞાન મેળવવા સતત ઝંખી રહ્યાં હતાં તે જ્ઞાન મેળવવાની શરૂઆત થતી માતાજીને લાગે છે. તે જાણે પ્રથમ શબ્દો છે. પણ તેથી જીવનનાં બધાં જ ક્ષેત્રોમાં એક પ્રકારનો નવો ઉત્સાહ અને શક્તિ સંચર્યાં છે એવું માતાજીને લાગે છે.

માતાજીને ઘણા લાંબા સમયથી પોતાની આંતરિક અનુભૂતિઓનો જીવન ઉપર સાચો પરિણામ શું થશે એ બાબતમાં દ્વિધા હતી. અણસમજણ હતી. પણ માતાજીની સતત પ્રાર્થનાને લીધે આજે તે પડદો ચીરાઈ જતો લાગ્યો. તેમને તે અનુભૂતિઓનો જીવનમાં જે નક્કર પરિણામ આવે છે જાણે તેની પ્રથમ સમજણ આપવામાં આવી છે. માતાજી પ્રભુને પ્રાર્થે છે કે આ જ રીતે અન્યોને પણ પ્રભુ આવી સમજણ આપે, જેથી તેઓ ભૌતિક-તત્ત્વના રૂપાંતર પ્રત્યે, શરીરનાં કોષોનાં રૂપાંતર પ્રત્યે જાગરુક બને.

સાધક કેટલો પણ મહાન હોય પણ તેની માનવી - પ્રકૃતિ તો મર્યાદિત જ રહે છે અને તેથી જ્યારે તેને વિશ્વાત્માનો અનુભવ થાય છે ત્યારે તે તેની સમજણ પોતાની બાહ્ય પ્રકૃતિની મર્યાદાઓ અનુસાર જ મેળવી શકે છે અને તે જ રીતે તેને પ્રગટ પણ કરે છે.

ખરેખર તો સર્વાંગી સાક્ષાત્કારનું આ છેલ્લું આવરણ છે, છેલ્લો અવરોધ છે, જે જીતવો જરૂરી છે પણ પહેલા સાધકને જે વિશ્વાત્માની ઝાંખી થએલી હોય છે તેનો સતત અભ્યાસ કરીને તેને પોતાના સ્વભાવનો સહજ ભાગ બનાવી દેવાની જરૂર છે.

માતાજી પહેલેથી જાણતા હતાં કે તેમની આ રોજે રોજ લખાતી ડાયરી

(અનુ. પૃષ્ઠ ૧૩ ઉપર)

# શ્રી માતાજીનું માનવજાતિને પ્રદાન

- જ્યોતિબેન થાનકી

(ગતાંકથી ચાલુ)

હવે શ્રી માતાજી આવ્યાં અને પરિસ્થિતિમાં પરિવર્તન કરવાની જરૂર ઊભી થઈ. પણ એ પહેલાં જ્યારે શ્રી અરવિન્દે શિષ્યોને કહ્યું કે શ્રી માતાજી હવે કાયમ માટે આપણી સાથે રહેવા આવવાનાં છે ત્યારે શિષ્યોની ચેતનામાં ખળભળાટ મચી ગયો ! બધાંને થયું કે તેઓ આવીને આપણી સાથે રહેશે, તો પછી આપણે કેવી રીતે રહેવું ? એમની પદ્ધતિ પ્રમાણે રહેવું કે આપણે જેમ રહીએ છીએ તેમ જ રહેવું ! નલિનકાંત ગુપ્ત પોતાના સંસ્મરણોમાં લખે છે; ''અમારે અમારી રીતભાતમાં કંઇ ફેર કરવો કે નહીં ? કેમ કે અમે તો બધા મનફાવે તેમ રહેતા હતા. અમારો પોષાક, અમારી વાતચીત, અમારી ખાવાપીવાની, સૂવા-બેસવાની રીતભાતમાં કશું ઠેકાણું ન હતું. એ જોઇને કોઇ અમને સુધરેલા કે સંસ્કારી માણસો ગણે જ નહીં અને છતાં અમે છેવટે એમ જ નક્કી કર્યું કે જેમ ચાલે છે તેમ ચાલવા દેવું. અમારી સ્વતંત્રતા પર કોઇ તરાપ આવવા ન દેવી.''

આ રીતે શ્રી અરવિન્દની સાથે રહેલા શિષ્યોને જેમ રહેતા હતા તેમ જ રહેવાનું નક્કી કર્યું હતું. પણ શ્રી માતાજી આવ્યાં અને તેમને શ્રી અરવિન્દની વિશેષ કાળજી લેવાવી જોઇએ તેમ જણાતાં, તેમણે ધીમે ધીમે પ્રેમપૂર્વક બધા જ શિષ્યોનાં જીવનમાં પરિવર્તન લાવી દીધું. એમના ઉન્મુક્ત અને સ્વચ્છંદ જીવનમાં વ્યવસ્થિતા, સ્વચ્છતા અને સુઘડતા લાવી દીધાં. શ્રી માતાજીએ રસોઇયો રાખી લીધો. આથી રસોઇની કડાકૂટમાંથી શિષ્યો મુક્ત બન્યા અને તેમને સ્વાદિષ્ટ, નિયમિત, સમયસર ભોજન મળવા લાગ્યું. ફળિયામાં ભાંગેલા નળિયાનો ઢગલો પડ્યો રહેતો તે દૂર કરીને ત્યાં ફૂલછોડ રોપાઇ ગયાં. કેળો વાવવામાં આવી. આમ, આંગણું પણ સુશોભિત બની ગયું.ઘરની વ્યવસ્થામાં ધરમૂળથી ફેરફાર થઇ ગયા. બધાંને આવું વ્યવસ્થિત જીવન જીવવામાં વિશેષ આનંદ આવવા લાગ્યો. આમ, શિષ્યોને જણાયું કે તેઓ જે રીતે રહેતા હતા, તેના કરતાં હવે તેઓ પોતાની

મનગમતી પ્રવૃત્તિઓ વધારે સારી રીતે કરી શકે છે. આથી બધાં પ્રસન્નતા અનુભવવા લાગ્યા.

શ્રી અરવિન્દ ખુલ્લામાં ન્હાતા, એની જગ્યાએ ઉપર જ તેમના સ્નાન માટેની વ્યવસ્થા કરવામાં આવી. શ્રી અરવિન્દના ભોજનની વ્યવસ્થાની જવાબદારી શ્રી માતાજીએ પોતે જ ઊઠાવી લીધી. તેમણે શ્રી અરવિન્દ માટે અલગ વ્યવસ્થા કરી. ત્રણ બંગાળી સાધિકાઓને શ્રી અરવિન્દનું ભોજન બનાવવાની જવાબદારી સોંપી; એટલું જ નહીં પણ તેમના માટે શું બનાવવું, કેવી રીતે બનાવવું, એનું માર્ગદર્શન તેઓ પોતે જ સાધિકાઓને આપતાં. શ્રી અરવિન્દ માટેનો સૂપ તો તેઓ પોતે જ બનાવતાં. શ્રી અરવિન્દના ભોજનની થાળી તેઓ જાતે જ શ્રી અરવિન્દના રૂમમાં લઈ જતાં ને તેમને જમાડતાં. આ ક્રમ તો છેક સુધી ચાલુ રહ્યો.

શ્રી અરવિન્દ માટે જરૂરી ફળો ને શાકભાજી તેઓ બૅંગ્લોર અને અન્ય સ્થળોએથી મંગાવતાં. આશ્રમના બગીચામાં પણ તેઓ ફળો ને શાકભાજી ઉગાડતાં અને તેનો ઉપયોગ શ્રી અરવિન્દ માટે કરતાં. શ્રી અરવિન્દના દૂધ માટે તો ગોવાળ આશ્રમના પ્રાંગણમાં ગાય લઈને આવતો અને દોહીને જે તાજું દૂધ આપતો તે શ્રી અરવિન્દને માટે ઉપયોગમાં લેવામાં આવતું. શ્રી અરવિન્દને જ્યારે જે વસ્તુની જરૂર હોય તે તેમને તત્કાળ મળી જાય તેવી વ્યવસ્થા શ્રી માતાજીએ ગોઠવી આપી હતી. શ્રી અરવિન્દને લખવા માટેના જથ્થાબંધ કાગળો તેઓ મંગાવી રાખતાં. આ ઉપરાંત 'મોસ્કીટો ક્રીમ', મચ્છરદાની, અગરબત્તી, બામ, પીપરમીંટ વગેરે જે-જે વસ્તુઓ શ્રી અરવિન્દ વાપરતા એ તમામ શ્રી અરવિન્દને તત્ક્ષણ મળી જાય એની જવાબદારી તેમણે યોગ્ય સાધકોને સોંપી હતી. શ્રી અરવિન્દ રાત્રે અઢી વાગે ગરમ પાણીથી સ્નાન કરતા. તો તે માટે તેમણે શ્રી અંબુભાઈ પુરાણીને આ જવાબદારી સોંપી હતી. તેથી ગરમ પાણી માટે શ્રી અરવિન્દને ક્યારેય એક મિનિટ પણ રાહ જોવી પડેલી ન હતી. આ જ રીતે શ્રી અરવિન્દને કોઈ પણ કામ હોય તો તે માટે શ્રી માતાજીએ શ્રી ચંપકલાલને નિયુક્ત કર્યા હતા. શ્રી ચંપકલાલની સંનિષ્ઠ સેવાને પરિણામે શ્રી અરવિન્દને દિવસે કે રાત્રે પોતાની જરૂરિયાતો માટે ક્યારેય રાહ જોવી પડી ન હતી.

શ્રી માતાજીની આવી કાળજીભરી સંભાળને પરિણામે શ્રી અરવિન્દનું દુર્બળ શરીર સશક્ત બન્યું અને અતિમનસની શક્તિને ઝીલવા માટે સજ્જ બની શક્યું.

એ ઉપરાંત શ્રી અરવિન્દને પોતાની જરૂરિયાતો માટે પણ કોઇ વિચાર કરવો પડતો ન હતો. તેમ જ સાધકોની પણ સઘળી બાહ્ય અને આંતરિક જવાબદારી શ્રી માતાજીએ પોતાના હસ્તક લઈ લીધી અને શ્રી અરવિન્દને અતિમનસના અવતરણની સાધના માટે સંપૂર્ણ મુક્ત કરી દીધાં કે જેથી શ્રી અરવિન્દ પોતાનો બધો જ સમય આ મહાન કાર્યમાં આપી શકે. આ વિષે શ્રી અરવિન્દે પોતે કહ્યું હતું કે ''શ્રી માતાજી જે કાર્ય કરે છે તે કાર્ય જો મારે કરવાનું બને તો મારું પોતાનું જે કાર્ય છે તે કરવાનો મને ભાગ્યે જ વખત મળત.'' આમ, શ્રી અરવિન્દે ૧૯૨૦થી ૧૯૫૦ સુધીના ત્રીસ વર્ષના ગાળામાં ઉત્ક્રાંતિમાં મનથી અતિમનસ સુધીનું જે વિરાટ પગલું ભર્યું, એની પાછળની શક્તિ શ્રી માતાજી છે. શ્રી માતાજીએ શ્રી અરવિન્દનાં તમામ બાહ્ય કાર્યો તેમ જ આંતરિક કાર્યો સુધ્ધાં પોતાના હસ્તક લઇ લીધાં. તેના પરિણામે જ પ્રકૃતિની ગતિએ જેને હજાર વર્ષ લાગે એ દિવ્ય માનવજાતિના આગમનની ભૂમિકા શ્રી અરવિન્દ પોતાના જીવનકાળ દરમિયાન જ રચી શક્યા. (ક્રમશઃ)

---

(પૃ. ૨૮ ઉપરથી) **સાંજના વાર્તાલાપો**

જોઈએ?

શ્રી અરવિન્દ : વિરોધ કરવાની વાત નથી. તેથી ભાગી ન જવું જોઈએ. તેને નિર્લેપતાથી અને સમજણ સાથે સહન કરવું જોઈએ. તેમાંથી શીખવું જોઈએ. જગતમાં અનેક અનિષ્ટો છે. તે પૈકી એક દુઃખ છે. તે બધાંથી મુક્ત રહેતા શીખવું જોઈએ.

શિષ્ય : પણ બધું ભગવાન પાસેથી જ આવે છે તો સ્વીકારવું શા માટે નહીં?

શ્રી અરવિન્દ : બધાં જ અનિષ્ટો પણ ભગવાન પાસેથી જ આવે છે. ભગવાન દરેક વસ્તુનો સાધનામાં ઉપયોગ કરવાનું કહે છે. તે રીતે સ્વીકારવું જોઈએ. બીજા કોઈ રીતે નહીં. જો ભગવાન તમને પાડોશીની પત્ની તરફ ધકેલે છે તો શું તમે એ બધું સ્વીકારશો કે તેમાંથી નિર્લેપ રહીને સાધનામાં કેવી રીતે આગળ વધવું તે શીખશો ? દરેક વસ્તુને ઉત્ક્રાંતિમાં પોતાનો ભાગ ભજવવાનો છે જ અને તેને સાચા અર્થમાં વિવેકથી સ્વીકારવું એ જ હિતાવહ છે. દુઃખ તમારા વિકાસ માટે જરૂરી હશે પણ તેવું વલણ સ્વીકારવું એ તમારી સાધનાનો ભાગ બની જાય છે. આને જ શાસ્ત્રો વિવેક કહે છે.

# માતૃવાણી

- શ્રી માતાજી

## અવતરણો

# પુરુષાર્થ અને પ્રારબ્ધ

(માતૃવાણી ભા.૧૫, પૃ.૨૪૩-૨૪૯)
(૩૦ ડિસે.૧૯૫૦)

પ્રકરણ - ૧૮

**સમજૂતી** - માનસિંહ ચાવડા

૧ ભાવિનું દર્શન એટલે અગાઉથી વસ્તુઓને જોવી..... આર્ષદ્રષ્ટાઓ ઘણે ભાગે ભાવિદર્શન કરી શકે છે. પૃ.૨૪૩

૨ ભાવિદર્શન એટલે આંતરિકદૃષ્ટિથી ભિન્ન જગતનાં દર્શન નહિ. પૃ.૨૪૩

૩ ચૈતસિક-દૃષ્ટિ સામાન્યતઃ ભૌતિક-વસ્તુઓમાં કાર્યરત નથી. પૃ.૨૪૪

૪ સામાન્યતઃ નિયતિનો અર્થ કાર્ય-કારણની શૃંખલા એવો થાય છે, પણ કેટલીક નિયતિ બીજી નિયતિઓની અસરને ભૂંસી શકે છે. પૃ.૨૪૪

૫ જટિલ નિયતિ એવી છાપ નિર્માણ કરે છે કે તે ઘટના બિલકુલ અનપેક્ષિત હતી. પૃ.૨૪૪

૬ દરેકમાં ઘણી વ્યક્તિતાઓ હોય છે. તે એકબીજાના સુમેળમાં હોય અને પૂરક હોય તો તે સામાન્ય માનવસ્વરૂપ બને છે. પરંતુ સામાન્ય રીતે તેમ બનતું નથી. પૃ.૨૪૫

૭ સાચી સંવાદી-વ્યક્તિતા એટલે આંતર-વ્યક્તિત્વની સચેતન ગોઠવણી તે જન્મ પૂર્વે પણ બનેલી હોય પણ પાછળથી શિસ્ત અને શિક્ષણ દ્વારા

સાધારણ રીતે આવે છે. પૃ. ૨૪૬

૮ ચૈત્યપુરુષને સચેતન રીતે કેન્દ્રમાં રાખવો જોઇએ. આ આંતર-ગોઠવણી દ્વારા સાચો સંવાદ પ્રાપ્ત થાય છે. પૃ. ૨૪૬

૯ વિશ્વમાં નિયમો કાયમ સ્વતંત્ર રીતે કાર્ય કરે છે અને તે જ વિશ્વના બંધારણનું ગુપ્ત રહસ્ય છે. પૃ. ૨૪૬

૧૦ અભીપ્સા, પ્રાર્થના અને પ્રભુસંકલ્પને સમર્પણથી સૌથી ઉચ્ચ નિર્માણ માટે કટોકટીમાં પુકાર કરો - પુકાર જેટલો સચ્ચાઇપૂર્ણ હશે તેટલા પ્રમાણમાં આ ઉચ્ચતર નિર્માણ થશે. પૃ. ૨૪૭

૧૧ ઘણી વખત કહેવાતી કમનસીબી હકીકતમાં ચડતીનું આરંભબિન્દુ હોય છે. પૃ. ૨૪૮

૧૨ સૌથી ઉત્તમ ચેતનાના સંપર્કમાં હોય છે ત્યારે સૌથી વધારે કલ્યાણકારી બને છે પણ બે શરતો જરૂરી છે - પ્રગતિ માટેનો પ્રયત્ન, સચ્ચાઇવાળા બનવું. પૃ. ૨૪૮

૧૩ તમારી અભીપ્સા દ્વારા..... એક ઉચ્ચતર-ચેતનાને ઉતારી શકો છો..... આપણે અતિમનસ બલ અને ચેતનાને આ સ્થૂળ-જગતમાં ઉતારી લાવીને આ જ વસ્તુ કરવા માગીએ છીએ. પૃ. ૨૪૯

માતાજી પોતાનો 'ભાવિ-દર્શન' લેખ વાંચે છે અને તેનો સાર ટૂંકમાં સમજાવી રહ્યાં છે. ભાવિ-દર્શનનો અર્થ આગઉથી ભાવિ-વસ્તુઓને જોવી એવો થાય છે. તે માટે વિશેષ પ્રકારના ચક્ષુઓની જરૂર પડે છે. આર્ષદ્રષ્ટાઓ ઘણી વખત ભાવિ-દર્શન જાહેર કરતા, પણ તેનો અર્થ તેમને સાયક્લોપ્સ કે શિવની જેમ કપાળમાં ત્રીજી આંખ હતી એવો નથી.

ભાવિ-દર્શન એ ચૈતસિક-દૃષ્ટિ નથી, કારણ તે અપવાદાત્મક કિસ્સામાં જ ભૌતિક-જગતમાં કાર્ય કરે છે, પણ એક પ્રકારનું મનોમય દર્શન હોઇ શકે જેમાં મનોમય જગતની ઘટનાઓ આકાર લઇ નિયતિને ઘાટ આપતી હોય છે.

સામાન્ય રીતે નિયતિ એટલે કાર્યકારણ શૃંખલાથી આવતું નિશ્ચિત

પરિણામ. આવી નિયતિ ભૌતિક-જગતની છે. પણ જગતમાં એક જ નિયતિ નથી. ઘણા સ્તરની નિયતિઓ છે અને ઊર્ધ્વકક્ષાની નિયતિ નિમ્નકક્ષાની નિયતિમાં ફેરફાર લાવે છે. બન્નેમાં જુદીજુદી કાર્યકારણ શૃંખલા જ પરિણામ લાવે છે પણ બીજાદાખલામાં તે નિયતિ વધુ નિયતિઓથી જટિલ બની ગએલી હોય છે. આ જટિલતાને કારણે જ માનવી-નિયતિ બાબત અનિશ્ચિતતા પ્રવર્તે છે. તેમાંની કેટલીક નિયતિ અન્યને પૂરક બને છે અને તેમનો સંયુક્ત પરિણામ અંતે આવે છે.

નિયતિ જગતમાં છે તેમ માનવમાં પણ છે. માનવમાં કાંઈ એક જ વ્યક્તિતા નથી હોતી. તે અનેક તત્ત્વોનો બનેલો છે અને દરેક તત્ત્વની પોતાની નિયતિ અર્થાત્ વર્તવાની ખાસ વ્યક્તિતા હોય છે. આ બધી અવ્યવસ્થિત હોય છે. જન્મથી સંઘટિત ભાગ્યે જ મળે છે પણ શિક્ષણ અને શિસ્ત દ્વારા તેમની ગોઠવણી થતી હોય છે.

તે વિવિધ વ્યક્તિતાઓમાં જે સમાનતા હોય છે, પૂરકતા હોય છે તે જ સામાન્ય માનવી તરીકે પ્રગટ થાય છે. વિસંવાદ અસામાન્યતા દર્શાવે છે.

આ ગોઠવણીમાં આંતરિક-ગોઠવણી પહેલા થાય છે અને બાહ્ય તેના પરિણામ-સ્વરૂપે થાય છે. તેથી સાચી સંવાદિતા આંતર-વ્યક્તિત્વોની ગોઠવણીમાં ચૈત્યપુરુષ જેટલો વધારે કેન્દ્રમાં તેટલી વ્યક્તિતાની ગુણવત્તા સારી ગણાય છે. આ રીતે આંતર-ગોઠવણીથી જ સંવાદિતા સ્થાપિત થાય છે.

જે પ્રસંગે જે ભાવ માનવના અંતરમાં અગ્રભાગે હોય છે તેને અનુસરીને બધાં તત્ત્વોની ગોઠવણી પ્રાસંગિક રીતની પણ થાય છે અને તે જ તે વખતના વ્યક્તિના પ્રતિભાવો નિશ્ચિત કરે છે.

દરેક નિયતિ એટલે તે પદાર્થનો નિયમ હોય છે અને દરેક નિયમ સ્વતંત્ર રીતે કાર્ય કરવા ટેવાએલો હોય છે. જગતનું ભાવિ નિશ્ચિત ખબર નથી તેનું કારણ આ બધી નિયતિઓની ગોઠવણી બાબતનું આપણું અજ્ઞાન છે. તે જ પ્રકૃતિનું ગુપ્ત - રહસ્ય છે. પ્રભુના આવિર્ભાવ માટે જ બધું ગોઠવાતું હોય છે તે જ તેનું અંતિમ ગૂઢ - રહસ્ય છે પણ આ આવિર્ભાવ વિકસનશીલ હોવાથી દરેક તબક્કાની ગોઠવણીમાં થોડાઘણાં ફેરફારો થતા જ રહે છે અને તેથી આપણને ગોઠવણી

બાબતનાં નિશ્ચિત સિદ્ધાંતો પકડી પાડતા આવતા નથી.

આ બધી જટિલતાનો છેદ એક રીતે ઉડાડી શકાય છે. પહેલેથી જ સર્વોત્તમ ચેતનામાં જીવન ધારણ કરો તો ગોઠવણી પણ સર્વોત્તમ પ્રકારની જ થશે. તેમાં નિયતિઓનું મિશ્રણ ઓછું રહેશે, કારણ સર્વોત્તમ ચેતનામાં રહેવું એટલે બધી નિયતિઓને પૂરક બનાવી લેવી.

જો તમે સદા સર્વોત્તમ ચેતનામાં ન રહી શકતા હો તો તમે બીજી વસ્તુ કરી શકો છો. અભીપ્સા, પ્રાર્થના અને પ્રભુસંકલ્પને સમર્પિત બની સર્વોચ્ચ નિર્માણ માટે પુકાર કરો તો તે વખતે સામાન્ય નિયતિની સ્થિતિ અયોગ્ય હોવા છતાં સર્વોચ્ચ-ચેતના હસ્તક્ષેપ કરીને તે સ્થિતિમાં જે શક્ય હશે તે કરશે. આને જ પ્રભુકૃપા કહેવાય છે.

આવી વસ્તુઓ થતી જ હોય છે પણ આપણને ધ્યાન બહાર રહે છે. ઘણી વખત આજની કહેવાતી કમનસીબી જ આવતી કાલના પ્રગતિનાં, ચડતીનાં દ્વાર ખોલી આપે છે. આને તમે 'ભાગ્ય' કહો છો.

સૌથી ઉત્તમ ચેતનામાં પ્રાર્થના, અભીપ્સાથી હસ્તક્ષેપ કરાવી શકાય છે. સ્થૂલ નિર્માણને ફેરવવું હોય તો આ સિવાય બીજો સુરક્ષિત માર્ગ નથી.

ઊર્ધ્વ-ચેતનાનાં આવા નાનાં-મોટાં અવતરણો સદા થતાં જ હોય છે પણ આપણા ધ્યાનમાં તે આવતા હોતાં નથી. આ ભૂમિકાથી જ અતિમનસ-ચેતનાનું અવતરણ કરાવી આપણે સ્થૂલ જગતની નિયતિ બદલવા માગીએ છીએ. હાલની તેની નિયતિ છે - દુઃખ, જરા, વ્યાધિ અને મૃત્યુ. આપણે આ જ નિયતિને બદલવા માગીએ છીએ અને તે પ્રભુના આવિર્ભાવને સ્થૂળ જગતમાં વધુ પૂર્ણ કરીને જ કરી શકાશે.

તે અતિમનસ તત્ત્વ હમણાં ગૂઢ લાગે છે પણ જેમ જેમ તે જગતમાં ફેલાઈ જગતની નિયતિમાં ફેરફાર લાવશે તેમ તેમ તેની ગુપ્તતા, ગૂઢતા ઓછી થતી જશે.

આ આપણું ભાવિનું દર્શન છે. દુઃખ, જરા, વ્યાધિ, મૃત્યુ આ આપણું પ્રારબ્ધ છે અને સનાતન આનંદમય, જ્ઞાનમય, સંવાદી જીવન એ આપણો પુરુષાર્થ છે.

# સાવિત્રી

- શ્રી અરવિંદ

**સમજૂતી** - માનસિંહ ચાવડા

## શારીરિક ચેતનાની દિવ્ય નિયતિ

પ્રકરણ - ૧૧

(Savitri B-1, C-4, P. 51-52)

Outstretching arms to the unconscious Void,
Passionate she prays to invisible forms of Gods
Soliciting from dumb Fate and toiling Time
What most she needs, what most exceeds her scope,
A Mind unvisited by illusion's gleams,
A Will expressive of soul's deity,
A Strength not forced to stumble by its speed,
A Joy that drags not sorrow as its shade.

શારીરિક - ચેતનાને પોતાના દિવ્ય-સ્વરૂપની ઝાંખી થતાં જ પ્રશ્ન નિર્માણ થાય છે કે તો પછી આવી વિકૃત સ્થિતિ પોતાની થવાનું કારણ શું ? તેને હવે સત્ય અને વાસ્તવિકતાના દર્શન થવા લાગે છે. તે પોતે અચેતનના અને અવચેતનના પ્રભાવ નીચે આવવાથી આવી સ્થિતિ નિર્માણ થઈ છે. તો પ્રભુએ આ અચેતન અને અવચેતન શા માટે રચ્યાં છે ? તેમને પ્રભાવ પાડવાની ક્ષમતા શા માટે આપી દે છે ? અને તેને વધારે ને વધારે સમજણ આપવામાં આવે છે. પ્રભુએ અનંતરૂપે પ્રગટ થવાનો જે સંકલ્પ કર્યો છે તેમાં અનેકતા નિર્માણ કરવા જ પ્રભુએ અચેતનની રચના કરી છે. અવચેતન તો સભાન અને અચેતન પ્રદેશને જોડનારો બન્નેનો સીમાવર્તી પ્રદેશ છે, જેમાં થોડી સભાનતા અને થોડી અભાનતા બન્ને છે. મૂળ તો અચેતન તત્ત્વ જ છે. પ્રભુ તો એક જ છે, અદ્વિતીય છે; તો તેમાં પ્રભુની ઈચ્છા

સિવાય અનેકતા અને વિવિધતા કેવી રીતે રચાય ? તેથી પ્રભુએ પોતાની જ શક્તિને વિવિધતા અને અનેકતા રચવા સક્રિય કરી તે જ અચેતન તરીકે પ્રગટ થયું. પ્રભુની એકતાની સભાનતાને ઢાંકનાર આ અચેતન તત્ત્વ છે. પ્રભુ પોતાની એકતા ન ભૂલે ત્યાં સુધી અનેકતા રચાવી જ શક્ય નથી. તેથી પોતે જ પોતાના સંકલ્પ બળે મૂર્છિત થવા માટે પોતાની જ અચેતન સ્વરૂપની શક્તિને કામે લગાડી. બીજું, પ્રભુને અનેકરૂપો એક ક્ષણમાત્રમાં રચવાની ઇચ્છા નહોતી, પણ લીલા કરતા કરતાં પ્રયત્નો બાદ ક્રમશઃ રચાય એવી ઇચ્છા હતી. તેથી અવચેતનને જ ઉત્ક્રાંતિની પ્રક્રિયા ગોઠવી. આ રીતે પ્રભુએ જ લીલા કરવા બધી ગોઠવણ કરી છે અને અચેતન પણ પ્રભુની જ પ્રચ્છન્ન શક્તિ છે. બહારથી અદિવ્ય પણ અંદરથી દિવ્ય શક્તિ જ છે. આ સમજણ આવતાં શારીરિક ચેતનાનો અચેતન-શક્તિ તરફ જોવાનો દૃષ્ટિકોણ જ બદલાઈ ગયો.

હવે શારીરિક ચેતનાએ અચેતનને પણ આવકાર્યું. તેના દિવ્ય-કાર્યના સ્વરૂપને માન્ય કર્યું (out stretching arms) અચેતનને કોઈ આકાર નથી. તે એક ઘોર અભાનતાનો પ્રદેશ છે (unconscious) તેથી અંધકારમય અવકાશ જેવો ભાસે છે (Void) તેમાં હજી શારીરિક ચેતનાને પ્રભુનાં દિવ્ય સ્વરૂપો દેખાતાં નથી (invisible forms of Gods) પણ શારીરિક - ચેતનાએ તે અદૃશ્ય દેવતાઓને ખૂબ જ ભાવપૂર્વક પ્રાર્થના કરવા માંડી. તે માટે તેણે પોતાની નિયતિને પણ સહકાર આપવા વિનંતી કરી. નિયતિ પોતાનું ભાવિ આયોજન કોઈ વખત કોઈને કહેતી નથી, તેથી તે મૂક છે એવી લાગે છે (dumb Fate) તે જ પ્રમાણે શારીરિક-ચેતનાએ કાળપુરુષને પણ મદદ કરવા યાચના કરી. તેના પોતાના પ્રયત્નોને તે યશ આપે એવી વિનંતી કરી. ખરેખર તો કાળપુરુષ પણ પ્રભુનું જ રૂપ હોય છે અને તે પોતે જ પોતાનાં આયોજનો પાર પાડવાં શ્રમ કરતો હોય છે (toiling Time) શારીરિક ચેતના વિચાર કરવા લાગી કે આ સિવાય હવે તે પ્રભુના કાર્ય માટે, પોતાના દિવ્ય-સ્વરૂપને પ્રાપ્ત કરવા માટે શું કરી શકે ? (what most she needs) હજી તેના ધ્યાનમાં કઈ કચાશ રહી ગઈ છે જે તેને ધ્યાનમાં આવી નથી ? (What most exceeds her scope ?) અને તેની આંતરપ્રેરણાએ જવાબ આપ્યો કે તેને એવા મનની જરૂર છે જે પ્રભુના આભાસી

પ્રકાશના (illusion's g;eams) પ્રભાવ નીચે ન આવેલું હોય. તેના સાથે સંપર્કમાં પણ ન આવેલું હોય (unvisited) તેમાં એવી સંકલ્પશક્તિની જરૂર છે (A will) જે આત્મદેવનાં સંકલ્પને જ સીધે સીધો પ્રગટ કરતી હોય (Soul's deity) તેમાં એવી શક્તિની જરૂર છે જે પૂર્ણ વેગ અને સામર્થ્ય સાથે કાર્ય કરે પણ તે વેગને કારણે ભૂલો કરીને કાર્યમાં અપયશ ન મેળવે. તેને એવા આનંદની જરૂર છે જેના પડછાયારૂપે દુઃખ સાથે સાથે ન આવતું હોય, જે નિર્ભેળ આનંદ-સ્વરૂપ જ હોય.

અને શારીરિક-ચેતનાને લાગવા માંડ્યું કે પ્રભુ તેમાં એક નવી ક્ષમતા વિકસાવી રહ્યાં છે, જે મનની પેલેપારની લાગે છે. તે શક્તિ પ્રકાશમય છે, શક્તિ-સ્વરૂપ છે, અજેય છે. વિજયી છે. આનંદમય છે. આ મનથી ઊર્ધ્વ-પ્રદેશની શક્તિને શું નામ આપવું? અને તેના હૃદયમાં શબ્દ પડઘાયો -

''અતિમનસ શક્તિ''

For these she yearns and feels them destined hers:
Heaven's privilege she claims as her own right.

શારીરિક - ચેતના આવી દિવ્ય-શક્તિ માટે તીવ્ર અભીપ્સા સેવવા લાગી (yearns) તેને ધીમે ધીમે ખાતરી થવા લાગી કે ખરેખર તેની નિયતિ પણ તે શક્તિને પ્રાપ્ત કરી દિવ્ય થવાની જ છે (destined) હવે તો તેને પોતાની નિયતિની પૂરેપૂરી ખાતરી થઈ ગઈ છે. તે શક્તિ મેળવવી એ પોતાનો જન્મસિદ્ધ હક્ક છે એવું તેને લાગવા માંડ્યું છે (Heaven's privilege) શારીરિક - ચેતનાને પોતાના મહત્ - ભાગ્યની ઝાંખી થવા માંડી હતી.

---

(પૃષ્ઠ ૩ ઉપરથી) **સાધનાનો નૂતન તબક્કો**

જેમાં તેઓ પોતાની આંતરિક અનુભૂતિઓની નોંધ રાખતાં તે અંતે કોઈ વિશાળ, સમગ્ર વાસ્તવિક ભૌતિક-ચેતનાની અનુભૂતિ તરીકે પ્રસ્થાપિત થવી જ જોઈએ અને ખરેખર તેવું જ આજે બન્યું છે.

માતાજી કહે છે મન, પ્રાણનો આંતરિક યોગનો તબક્કો જાણે હવે પૂરો થઈ રહ્યો છે અને શારીરિક યોગનો નવો તબક્કો શરૂ થઈ રહ્યો છે. આ નૂતનમાર્ગના પ્રવેશદ્વારે જાણે તેઓ ઊભા છે અને નિશ્ચિત દૃઢ નિર્ધાર કરે છે કે તેઓ આ નૂતન સાધના માર્ગે હવે વેગથી આગળ વધતાં જ જશે.

# યોગ વિષે પત્રો

- શ્રી અરવિંદ

# અનુભૂતિઓની સત્યતા

(ભા.-૧, પૃ.૧૯૪-૨૦૮)

**અવતરણો**

**સમજૂતી** - માનસિંહ ચાવડા

૧ વ્યક્તિએ આધ્યાત્મિક-જ્ઞાનમાં અનુભૂતિ દ્વારા પહોંચવાનું છે તેમ જ વસ્તુઓની ચેતનામાં પણ પહોંચવાનું છે. પૃ.૧૯૪

૨ અનુભૂતિ વિચાર વગર કાર્ય કરે છે અને વિચાર સહિત પણ કાર્ય કરે છે. પૃ.૧૯૫

૩ વિચારો સીધેસીધા શબ્દોમાં પરિવર્તિત પામે છે..... શબ્દો એ બુદ્ધિનાં ચલણી નાણાં છે. પૃ.૧૯૫

૪ જુદી જુદી ભૂમિકાઓનું અર્થઘટન કરવું એ ખરેખર મારે માટે આધ્યાત્મિક-અનુભૂતિનો એક અગત્યનો અને મૂળભૂત ભાગ છે. પૃ.૧૯૬

૫ દિવ્ય-સાક્ષાત્કાર અહીં પૃથ્વી ઉપર જ કરવાનો છે. પૃ.૧૯૬

૬ ભારતમાં દેવવાદનું સારતત્ત્વ છે એકમેવનાં ઘણાં રૂપો અને વ્યક્તિત્વો પરમાત્માની શોધનું તે ગૌણ પાસું છે. પૃ.૧૯૬

૭ જગતમાં શક્તિઓની લીલા કોયડારૂપ છે..... બુદ્ધિના જડ નિયમમાંથી તે છટકી જાય છે. પૃ.૧૯૭

૮ મનની શુદ્ધ શાંતિ એક જરૂરી શરત છે, પરંતુ તે લાવવાના ઘણા માર્ગ છે. પૃ.૧૯૭

૯ ગુહ્યવાદી પોતાની અનુભૂતિઓને વ્યક્ત કરવા માટે રૂપકો, પ્રતીકો વાપરે છે. તે વસ્તુ અનિવાર્ય છે. પૃ.૧૯૮

૧૦ હું જે પ્રકાશિતતા કહું છું..... તે કોઈ રૂપક નથી. તે પોતાને પ્રકાશ તરીકે જ રજૂ કરે છે અને ખરેખર આંતરઈન્દ્રિય દ્વારા દેખાય છે. પૃ.૧૯૯

૧૧ ગુહ્યવાદી એક એવા પ્રદેશમાં પહોંચે છે, જ્યાં મનોમય પાયો તૂટી જાય છે. પૃ.૨૦૦

૧૨ ત્રણ ધારણાઓ એવી છે જેને પ્રો. સોરલી સ્થાપિત તરીકે લે છે..... પ્રથમ, આધ્યાત્મિક-અનુભૂતિ પોતે જ મનથી પરની વસ્તુ છે. બીજી વસ્તુ તેની અભિવ્યક્તિ..... તેમાં તમે બૌદ્ધિક - ચેતનામાં પાછા પડો છો. અહીં કેવળ બુદ્ધિ જ તમારો એક માત્ર ન્યાયાધીશ છે. આ બધાં વિધાનો છે તે રીતે સ્વીકારવા હું તૈયાર નથી. પૃ.૨૦૨

૧૩ ઘણાં માણસોના અભિપ્રાય પ્રમાણે આ અંતિમ અવ્યાખ્યેયના અંતિમ સાક્ષાત્કારની વાત નથી. પૃ.૨૦૨

૧૪ પરમ - વાસ્તવિકતાની હાજરીનું મનમાં અવતરણ થવું શક્ય છે..... આ અનુભૂતિની..... અભિવ્યક્તિ થઈ શકે. જો તે પ્રમાણે ન હોત તો આધ્યાત્મિક - સત્ય અને અનુભૂતિનું વર્ણન અશક્ય બની ગયું હોત. પૃ.૨૦૨-૨૦૩

૧૫ કઈ વસ્તુ આ વ્યવહાર અને અભિવ્યક્તિનું સર્જન કરે છે ? પૃ.૨૦૩

૧૬ લીઆનાર્ડ વુલ્ફની ગુહ્યવાદ વિરુદ્ધની ચાર દલીલો છે : (૧) જ્યારે ચેતનાના પતનનો સમય આવે છે ત્યારે જ ગુહ્યવાદ ઉત્પન્ન થાય છે. (૨) ગુહ્ય-અનુભવને સત્ય તરીકે સ્વીકારી શકાય નહીં કારણ તેની સાબિતી નથી. (૩) આધ્યાત્મિક - અનુભૂતિના પાયા ઉપર રચાએલા સામાન્ય સિદ્ધાંતો બુદ્ધિવિહીન છે. (૪) અંતપ્રેરણા એ સમજાવી શકવાની અશક્તિ અથવા બુદ્ધિથી સાબિત કરી શકવાની અક્ષમતાને ઢાંકવાનું આચ્છાદન માત્ર છે. પૃ.૨૦૪-૨૦૬

૧૭ ગુહ્યવાદીના સૂક્ષ્મ પ્રકારનાં સત્યો હોય છે..... આ સત્યો પરા-ઈન્દ્રિય સત્ય છે, પરંતુ તેથી કરીને ઓછા સાચા હોતાં નથી.પૃ.૨૦૭

૧૮ આ વસ્તુઓની અનુભૂતિ માનવજાતિની લઘુમતીએ જ અનુભવી છે.પૃ.૨૦૮

પ્રૉ. સોરલીએ 'આ જગતની સમસ્યા' પુસ્તક લખેલ છે. તેમણે શ્રી અરવિન્દના વિચારોને સમજાવવાનો પ્રયત્ન કરેલ છે. છતાં અમુક વસ્તુઓ સમજાવી શક્યા નથી. દા.ત. અધિમનસ બાબત. બીજું, જે લોકો અનુભૂતિઓમાં આગળ વધી ગયાં છે તેમને જ તે પુસ્તક ઉપયોગી થાય એવું છે.

અનુભૂતિ દ્વારા બે ક્ષેત્રમાં પ્રવેશ મળે છે :

૧. આધ્યાત્મિક અને ગૂઢજ્ઞાનના ક્ષેત્રમાં.

૨. વસ્તુઓની ચેતનાના ક્ષેત્રમાં.

ખરેખર તો બીજી વસ્તુ શક્ય બને છે, તેથી જ પ્રથમ વસ્તુ પ્રાપ્ત થાય છે. અનુભૂતિમાં તમે કોઈ વસ્તુની ચેતના સાથે એકરૂપતા સાધો છો અને તે એકરૂપતાને કારણે જ તે વસ્તુનું તેને પોતાની બાબતનું જે જ્ઞાન હોય છે તે ગૂઢવાદીની ચેતનામાં વહી આવે છે.

અધ્યાત્મમાં પૂર્ણજ્ઞાનનો અર્થ જ મૂળભૂત ચેતના સાથેની એકરૂપતાને ગણેલ છે. આ જ્ઞાન બૌદ્ધિક જ્ઞાન કરતાં જુદા પ્રકારનું હોય છે. તેમાં આંતર-ઇન્દ્રિયો દ્વારા, વિશેષતઃ શાંત, શુદ્ધ ચિત્ત દ્વારા જ્ઞાન મળે છે. તે પ્રતિબિંબસ્વરૂપે મળે છે. જાણવાની વસ્તુની ચેતનાનું પ્રતિબિંબ શાંત, શુદ્ધ ચિત્તમાં પડે છે. આ પ્રક્રિયાથી જ તેનું જ્ઞાન આપણી અંદર પ્રવેશે છે. શ્રી અરવિન્દ આને તાદાત્મ્ય દ્વારા જ્ઞાન મેળવવાની પ્રક્રિયા તરીકે જણાવે છે.

આમ, અનુભૂતિ વિચાર વગર કામ કરે છે પણ તે વિચાર સાથે પણ નીચલી કક્ષાએ કાર્ય કરી શકે છે. શબ્દો બુદ્ધિના પ્રદેશના હોય છે અને તેથી અભિવ્યક્તિ વખતે વિચારો સાથે પણ કામ કરે છે. હાઉસમેન એમ માને છે કવિના ચિત્તમાં જ્યારે કવિતા પ્રગટ થાય છે ત્યારે તે બુદ્ધિથી પર એવા ક્ષેત્રમાંની જણાય છે.

આધ્યાત્મિક-અનુભૂતિઓને બરાબર સમજવા આપણા સ્વરૂપમાંનાં વિવિધ તત્ત્વો અને તેની કક્ષાઓ, કાર્યોની પૂરેપૂરી સમજણ કેળવવી બહુ જરૂરી છે. બધાં જ તત્ત્વો પૃથ્વીતત્ત્વમાં સમાયેલાં છે, તેથી પૃથ્વી ઉપરનો સાક્ષાત્કાર વધુ સમગ્ર, સર્વસમાવેશ બની જાય છે. તે જ પૃથ્વીનું અનેરું મહત્ત્વ છે.

- માનસિંહ ચાવડા

# દેવતાઓનો આપસી સંબંધ

પ્રકરણ - ૩

બધાં દેવો અંતે તો નિરાકાર પ્રકાશમય ચેતના (અદિતિ)નાં જ વ્યક્તિ-સ્વરૂપો છે. તે જુદાં જુદાં વૈશ્વિક-સ્વરૂપો છે. તે જુદાં જુદાં વૈશ્વિક-કિરણો છે. દરેકમાં પરમ-ચેતનાના એક-એક પાસાંની ખિલવણી કરવાની ક્ષમતા છે, તેથી બધાં દેવોનું સામૂહિક નામ દિક્પાલ છે. તેમને વિશ્વેદેવાઃ પણ કહે છે, કારણ તેઓ સાથે મળીને આ વિશ્વનું સર્જન, સંચાલન, વિકસન કરે છે.

સસ્કૃતમાં દિક્નો અર્થ પાસું એવો પણ થાય છે. મુખ્ય પાસાં આઠ ગણાયાં છે. તેમને પોષનાર દેવોને અષ્ટદિક્પાલ કહે છે ઘણે ઠેકાણે દસદિક્પાલોનું વર્ણન છે તેમાં ઈન્દ્ર, સોમ, પ્રજાપતિ, વરુણ, ઈશાન, વાયુ, નિરૃતિ અને અગ્નિ આ મહત્ત્વનાં છે. મુખ્ય દિશાના પ્રથમ ચાર દેવ છે. ચાર ઉપદિશાના છેલ્લા ચાર દેવો છે.

દરેક દેવમાં પોતાના પાસાંનો વિકાસ કરવા ઉપરાંત પડખેના અથવા અન્ય પાસાંના વિકાસમાં મદદ કરવાની પણ ક્ષમતા છે. તેથી ઘણી વખત વેદોમાં બે દેવોને સાથે જોડીને બોલાવવાની પદ્ધતિ છે. દા.ત. અગ્નિષોમ, મરુત્વવાન ઈન્દ્ર, સોમાપૂષન, મિત્રાવરુણ, ઈન્દ્રવાયુ, ઈન્દ્રાગ્નિ, ઈન્દ્રાવરુણ વગેરે.

નિરાકાર આત્માના સર્જક પ્રકાશને જ અદિતિ કહે છે. તેના આઠ પુત્રો એટલે જ આ અષ્ટદિક્પાલ. અષ્ટધા પ્રકૃતિનાં આઠ તત્ત્વો એટલે પંચમહાભૂતો, મન, બુદ્ધિ અને અહંકાર (૫+૧+૧+૧=૮) આ આઠ તત્ત્વોને વિકસાવનાર આઠ દિક્પાલો મૂળે આ આઠ વિશ્વકિરણો છે તેમનાં પાછા ૩૫ પ્રકાર પડતાં ગયા છે, તેથી દેવોની સંખ્યા તેંત્રીસ કરોડ દર્શાવેલ છે. તે બધાંનો સમાવેશ વળી ત્રણ જ દેવતાઓમાં થઈ જાય છે અને તે છે પાર્થિવ, પ્રાણમય અને મનોમય દેવતાઓ.

તેથી દેવતાને આપણે સ્વતંત્ર અને અલગ રીતે સમજવાનો પ્રયત્ન કરશું. છતાં તેમનો અન્ય દેવો સાથેનો સંબંધ પણ આપણે સમજી લેવાનો રહેશે.

જેમના શરીરો દિવ્યપાર્થિવ તત્ત્વનાં બનેલાં છે તેમને દેવો કહેવાય છે. તેમના શરીર ઈચ્છા પ્રમાણે રૂપ બદલનારા નમનીય હોય છે. તેમને જરા, રોગ, મૃત્યુની ઘટના નડતી નથી, તેથી તે સનાતન દેવો છે. તેમને વિશિષ્ટ રૂપ આપવાનું કાર્ય તેમના ભક્તોની અપેક્ષા કરે છે. તેમનામાં વિકાસ પ્રક્રિયા હોતી નથી અને તેથી તેમનામાં વિકસતી ચેતના સ્વરૂપ ચૈત્યપુરુષ પણ હોતો નથી. તેઓ અમર છે, અક્ષર છે, સદા યુવાન છે. તેઓ મૂળતઃ મનોમય-ચેતનાની ઉચ્ચત્તમ કક્ષાએ, અધિમનસ કક્ષાએ હોય છે.

દેવો સ્વર્ગમાં રહે છે એમ કહેવાય છે, સ્વર્ગનો અર્થ સ્વ રૂપી આત્મા સાધનાના એક વચગાળાના તબક્કામાં જે સ્વલીનતાની અવસ્થામાં ચાલ્યો જાય છે તે સ્વર્ગ. (સ્વં પ્રતિ ગચ્છતિ ઇતિ સ્વર્ગ:) સ્વર્ગનો એક બીજો અર્થ પણ છે. મનો વૈ સરસ્વાન્ (શત બ્રા ૭-૫-૧-૩૧) તેમ જ સ્વર્ગો લોકઃ સરસ્વાન્ (તા.મ.૧૬.૫.૧૫) આ બન્ને વાક્યોનો અર્થ છે જે મન આનંદદાયક અને રસપૂર્ણ છે (રસ્વાન્) તે જ સ્વર્ગ છે. અર્થાત્ અધિમનસ કક્ષાને જ સ્વર્ગ કહેવામાં આવે છે. તે કક્ષા જો પ્રાણમય કક્ષાએ પ્રગટ થાય તો તેને પ્રાણલોકના સ્વર્ગો કહે છે અને તે જો પાર્થિવ કક્ષાએ પ્રગટ થાય તો તેને પાર્થિવલોકના સ્વર્ગો કહેવામાં આવે છે. સ્વર્ગમાં સુખ, શાંતિ, સંવાદમયતા, સૌંદર્ય હોય છે. આવા લોકમાં વસતા સત્ત્વોને દેવો કહે છે. દેવતાઓ એકબીજાનાં સહકારથી પોતપોતાનાં પરમ-ચેતનાનાં પાસાંઓનો વિકાસ કરે છે. ઘણી વખત કોઈ વસ્તુ એક પાસાં માટે અવરોધક બને તો દેવો તે મુદ્દે સંઘર્ષ કરતા પણ દેખાય છે. પણ તે વસ્તુ પ્રાસંગિક હોય છે અને તેમની મૂળ સંવાદિતાને હાનિ પહોંચાડતી નથી.

**રાજકોટ કેન્દ્રના નવા પ્રકાશનો** - લે. માનસિંહ ચાવડા

૧ **ઉપનિષદ - રહસ્ય** (શ્રી અરવિન્દના ઉપનિષદસ્ ઉપર આધારિત) પૃ.સં.૪૧૬, હાર્ડ બાઉન્ડ, જેકેટ સાથે - કિં.૨૫૦/-

૨ **ઉપનિષદોનું અમૃત** (ઉપનિષદ-કાળની સર્વ સાધના પદ્ધતિઓનું અંતરંગ દર્શાવતું પુસ્તક) પૃ.સં.૧૪૪ - કિં. ૧૦૦/-

૩ **શ્રી માતાજીની બોધકથાઓ** (માતાજીની સુંદરકથાઓ ઉપર આધારિત) પૃ.સં. ૧૨૦ - કિં. - રૂા.૧૦૦/-

# શ્રી અરવિન્દ : પોતા વિષે

- શ્રી અરવિન્દ

પ્રકરણ - ૧૮

(પૃ.૧૧૦-૧૧૧)

## રૂપાંતર અને વિશુદ્ધિ

**અવતરણો**

**સમજૂતી** - માનસિંહ ચાવડા

1 If spiritual and supramental were the same thing... anybody who had spiritual experiences would then be a supramental being. P. III

2 Spiritual experiences can fix themselves in the inner consciousness and alter it. P. III

3 The change then only will be that the innerself will watch all that... with perfect equality. P. III

4 That is not the transformation (supramental). P. 112

5 (In supramental transformation) It is quite another power of knowledge, another kind of will, another luminous nature of emotion and aesthesis, another constitution of the physical consciousness that must come in by the supramental change. P. 112

6 The working of the supramental power envisaged is... an entrance and permeation changing it (physical) wholly into a supramental physical. P. 112

7 What I received about the Supramental was a direct, not a derived knowledge given to me, it was only afterwards that I found certain conformatory revelations in the Upanishad and Veda. P. 112

સ્વભાવનું અધ્યાત્મિકરણ એક વસ્તુ છે, જ્યારે સ્વભાવનું અતિમાનસિકરણ જુદી જ વસ્તુ છે. બંનેને એક સમજવા એ મોટામાં મોટી ભૂલ છે. અધ્યાત્મિકરણમાં યોગી પોતાની આંતરિક ચેતનામાં રહેવા લાગે છે. તે ચેતના તેને પ્રકાશમય લાગે છે. જીવનની ઘટમાળ તરફ એ એક પ્રકારની સમતાથી જોતા શીખે છે. સાક્ષીભાવ વધારે રહે છે. પોતાને અહંકારથી મુક્ત અનુભવે છે. પોતાને અસીમ ચેતના સમજે છે. નિરાકાર બ્રહ્મચેતના સમજે છે.

આવી રીતની અવસ્થા એ ખરેખર તો રૂપાંતરના બીજા તબક્કાની આંતરિક

પ્રક્રિયાઓ છે જેને આધ્યાત્મિક રૂપાંતર કહેવામાં આવે છે. આમાં યોગીની બાહ્ય-ચેતના પોતાની પહેલાના જેવી જ ટેવો ધરાવે છે તેમાં કોઈ તફાવત પડતો નથી. અવચેતન અને અચેતન બાહ્યચેતના ઉપર પ્રભાવ નાખે જ છે.

ત્રીજા અતિમાનસિક રૂપાંતરમાં યોગીની પોતાની ચેતના જ બદલાઈ જતી લાગે છે. એટલું જ નહીં જ્ઞાનાર્જનની પ્રક્રિયા પણ બદલાઈ જાય છે. તે સામાન્ય રીતની ઇન્દ્રિયો, મન, બુદ્ધિ, ચિત્ત, અહંકારે મળીને કરેલી પ્રક્રિયા રહેતી નથી પણ પ્રજ્ઞાશક્તિની આ બધા વગર જ સીધેસીધી રીતે તાદાત્મ્ય દ્વારા જ્ઞાન મેળવવાની પદ્ધતિ હોય છે. તેમાં જે સંકલ્પશક્તિ કાર્ય કરે છે તે અહંકારની નહીં પણ આત્મતત્ત્વની પોતાની હોય છે. આંતરિક ચેતના પ્રકાશમય બને છે અને તેમાં દિવ્ય-ભાવો નિર્માણ થતાં લાગે છે. જીવન બાબત સુંદરતાનો, સુઘડતાનો, સાર્થકતાભાવ અનુભવાય છે. શારીરિક કોષો પ્રકાશમય બનેલાં લાગે છે, તેથી સમગ્ર શારીરિક પ્રકાશમય બની જતું લાગે છે. શારીરિક કોષોનું સંચાલન હવે અવચેતન-અચેતન કરતાં નથી પણ શારીરિક કોષોમાં કેન્દ્રસ્થ થયેલી દિવ્ય-ચેતનાનું સંચાલન હોય છે, તેથી શારીરિક તત્ત્વનું સમગ્ર સ્વરૂપ જ બદલાઈ જાય છે. તે અતિમાનસિક શારીરિક તત્ત્વ બની જાય છે.

શ્રી અરવિન્દ જ્યારે શારીરિક ચેતના શબ્દ વાપરે છે ત્યારે તે વિશાળ અર્થમાં વાપરતા હોય છે. તેમાં ફક્ત શારીરિક તત્ત્વનો જ સમાવેશ થતો નથી પણ શારીરિક મન, શારીરિક પ્રાણ અને પાર્થિવ ચેતના ત્રણેનો સમાવેશ થાય છે.

હઠયોગમાં જે સિદ્ધિ મેળવવામાં આવે છે તે આવા શારીરિક-રૂપાંતરની નથી. તેમાં જે સામાન્ય શારીરિક હોય છે તેની દ્વારા વિકસિત સૂક્ષ્મશરીર અન્ય ઊર્ધ્વલોકની ક્ષમતાઓ મેળવી શરીર દ્વારા પ્રગટ કરવા માંડે છે. સ્થૂળશરીરમાં રહેલી અતિમાનસિક શક્તિઓને તે સ્થૂળશરીર પ્રગટ કરી શકતું નથી, તેથી હઠયોગીની સિદ્ધિઓ નિમ્ન પ્રકારની ગણાય છે.

કારણ શરીરની અતિમાનસિક ક્ષમતાઓને પ્રગટ કરવા ભૌતિક સ્થૂળ શરીરના કોષોનું પણ રૂપાંતર ઉપર મુજબ કરવાનું હોય છે, ત્યારે જ તેની દ્વારા થતા અતિમાનસિક પ્રભાવ નીચે શારીરિક-મન, શારીરિક-પ્રાણ અને પોતે સૂક્ષ્મ- પાર્થિવ શરીર ત્રણે બદલાય છે.

આ બદલાવથી યોગીના શરીર દ્વારા વૈશ્વિક, પારવૈશ્વિક-ચેતનાઓ પ્રગટ થાય છે, જ્યારે વિશ્વાતીત પુરુષોત્તમની ચેતના પ્રગટ થવા લાગે, ત્યારે જ શારીરિક

અતિમાનસિક દેહ થવાની શરૂઆત થાય છે. શ્રી અરવિન્દને અતિમાનસનું જ્ઞાન વેદો કે ઉપનિષદો વાંચ્યા બાદ સમજાયેલ નથી, પણ તેમને પોતાની 'સપ્તચતુષ્ટય'ની સાધના કરતાં કરતાં આનું જ્ઞાન થયું છે. પણ તેમને અતિમનસની અનુભૂતિ આવ્યા બાદ વેદોમાં અને ઉપનિષદોમાં તેમના જેવી જ અનુભૂતિઓના સંદર્ભો મળવા લાગેલા. ગીતામાં પુરુષોત્તમનો સાક્ષાત્કાર એટલે જ અતિમનસનો સાક્ષાત્કાર એ પણ તેમને પાછળથી સમજાયું.

સારાંશ, તેમને અતિમનસનું જ્ઞાન તો સ્વયંભૂ રીતે મળેલ છે, પણ વેદોમાં તેમને પાછળથી સંદર્ભો છે એનો ખ્યાલ આવેલો.

રાજયોગમાં જે વિભૂતિ-યોગમાંની સિદ્ધિ વર્ણવી છે તે પણ ઊર્ધ્વજગતની ક્ષમતાઓને વિકસિત સૂક્ષ્મ શરીર દ્વારા મેળવી સ્થૂળ શરીર દ્વારા પ્રગટ કરવાનો જ પ્રકાર હોય છે. તેમાં વ્યક્તિ-ચેતના છે તેવી જ રહે છે, પણ અતિમાનસિક રૂપાંતરમાં તો તે વ્યક્તિ, વૈશ્વિક બંને કક્ષા (ક્ષર અને અક્ષર-પુરુષની ચેતનાને) વટાવીને વિશ્વાતીત-પુરુષોત્તમ ચેતનામાં પ્રવેશવાનું હોય છે. ગીતાના અઢારમા અધ્યાયમાં આ પુરુષોત્તમ ચેતનાની સાધનાના અછડતા સંદર્ભો છે, તે જ ગીતાનું 'ગૂઢતમમ્-શાસ્ત્ર' છે.

---

(પૃષ્ઠ ૨૩ ઉપરથી)

## યોગ પર દીપ્તિઓ

સાથે સાથે ઉત્ક્રાંતિની પ્રક્રિયા મુજબ એ પણ સમજી લેવું જરૂરી છે કે દરેક ઉપરનું તત્ત્વ તેનાથી નીચેના તત્ત્વ અથવા તો તત્ત્વોમાં પણ વ્યાપેલું છે તે જ રીતે નીચેનું તત્ત્વ અથવા તત્ત્વો પોતાનાથી ઊર્ધ્વ તત્ત્વ/તત્ત્વોમાં વ્યાપેલું છે પરંતુ વધારે સૂક્ષ્મ - શુદ્ધ અને દિવ્ય સ્વરૂપે. આ માટે ઉત્ક્રાંતિમાં કોષોની આવિર્ભાવની પ્રક્રિયા સમજી લેવાની જરૂર રહે છે. અવક્રાંતિની સાંકળે જોતા ઊર્ધ્વતમ તત્ત્વ છે આનંદમય કોષ, ત્યારબાદ વિજ્ઞાનમય કોષ, મનોમય કોષ, પ્રાણમય કોષ અને પાર્થિવ કોષ. પરમ-ચેતનાનું પાર્થિવ કોષ સુધી ઉતરી આવવું તે અવક્રાંતિ. હવે એ જ પરમ - ચેતના ઉત્ક્રાંત થવા પ્રયત્ન કરી રહેલી છે તેથી તે જ સાંકળમાં 'મનોમય કોષ' સુધીમાં માનવ પ્રાણી બની આવ્યા છે. માનવમાંથી અતિમાનવ તરફનો પ્રવાસ એટલે 'વિજ્ઞાનમય કોષ'ના આવિર્ભાવની પ્રક્રિયા. 'કોષો' એ પ્રગટીકરણના તબક્કા છે.

Man is a transitional being. - Sri Aurobindo

# યોગ પર દીપ્તિઓ -શ્રી અરવિન્દ

## ચેતનાનાં સ્તરો અને વિભાગો

અવતરણો
(ભાગ-૧, પ્રકરણ ૨ પર આધારિત)
પ્રકરણ - ૨૧

## મન અને પ્રાણ

**સમજૂતી – કમલેશ માંડવિયા**

- ....યોગની પરિભાષામાં 'મન' અને 'મનોમય' એ શબ્દો માનવ પ્રકૃતિનો જે ભાગ ગ્રહણશક્તિ અને બુદ્ધિ સાથે..... માનસિક સંકલ્પશક્તિ વગેરે સાથે સંબંધમાં હોય છે, - એટલે કે જે ક્રિયાઓ બુદ્ધિના અંગ રૂપ હોય છે; તેઓ માટે એ શબ્દો વપરાય છે. પૃ.૨૧
- આ માનસિક ચેતનાને પ્રાણથી કાળજીપૂર્વક જુદી પાડવી એ જરૂરનું છે.....પૃ.૨૧
- પ્રાણ એટલે જીવનનું તત્ત્વ..... પૃ.૨૧
- મન અને પ્રાણ એ બે તત્ત્વો આપણી ચેતનાની સપાટી ઉપર ભેળસેળ થઈ ગયેલાં હોય છે. પૃ.૨૧
- સામાન્ય ચેતનાની પાછળ પ્રવેશ કરતાં માનવને એ બે તત્ત્વો એકબીજાથી તદ્દન ભિન્ન દેખાય છે અને એ બે વચ્ચે રહેલો ભેદ પણ તે જોઈ શકે છે. પૃ.૨૧
- .... પ્રભુનો સ્વીકાર સાધનાનું મન.... કરતું હોય છે, છતાં પ્રાણને સાધના વિષે પ્રતીતિ નથી..... હોતી... પ્રાણ એ આદર્શને સમર્પિત થયો ન હોય.... પૃ.૨૧
- યોગસાધનાનાં સૌથી વધારે કટોકટીની મુશ્કેલીના મોટા ભાગનું કારણ એ બે તત્ત્વો વચ્ચેના વિસંવાદ યા તો તેમની વચ્ચેના ભેદને આભારી હોય છે. પૃ.૨૨

સર્વ સામાન્યરીતે બુદ્ધિગમ્ય માનસિક ક્રિયાઓને દૈનિક-જીવનમાં 'મન' અથવા તો 'મનોમય' એવું નામ આપી દેવામાં આવે છે, તદ્‌ઉપરાંત માનવ-પ્રકૃતિમાં ઊઠતી લાગણીઓ જેવી કે પ્રેમ, ગુસ્સો, વાસનાઓ વગેરેને પણ 'મન' અથવા તો 'મનોમય' માની લેવામાં આવે છે.

શ્રી અરવિન્દ જણાવે છે 'મન' અને 'મનોમય' બન્ને શબ્દોના અર્થ યોગ સાધનામાં જુદા જ છે. મન એ સર્વવ્યાપક તત્ત્વ છે જે માનવમાં 'અંશ' સ્વરૂપે આવેલું છે અને પ્રકૃતિ દ્વારા જે બુદ્ધિગમ્ય પ્રક્રિયાઓ થાય છે અથવા તો જ્ઞાનની જે પ્રવૃત્તિઓ 'મન'તત્ત્વ દ્વારા પ્રગટ થાય છે તે 'મનોમય' અવસ્થા છે. તેથી તેને 'મનોમય ચેતના'માંથી પ્રગટ થતી સાધકોની પ્રક્રિયાઓ કહેવામાં આવે છે. મૂળભૂત રીતે પ્રકૃતિ એ જ પરમ ચેતનાશક્તિનું ક્રિયાત્મક પાસું છે અને તે જે તે સ્તર અથવા તત્ત્વ દ્વારા પ્રગટ થાય છે ત્યારે તેને જે તે સ્તરનાં નામ સાથે જોડીને સાધનાની સમજ આપવામાં આવે છે.

વળી સામાન્ય રીતે માનવ એમ જ માને છે કે મન જ સર્વે કંઈ છે. તે વિચારો પણ છે અને લાગણીઓ પણ છે. શ્રી અરવિન્દ તેથી જ અગાઉના પ્રકરણમાં જણાવે છે કે ઉપરછલ્લી માનવચેતનામાં આ મનસતત્ત્વ અને પ્રાણતત્ત્વ જાણે કે ખીચડો કરીને એકસામટા પોટલામાં બાંધવામાં આવે છે.

સાધનામાં આવતી લગભગ બધી જ મુશ્કેલીઓ અથવા તો વિસંવાદમયતા આ ભેળસેળને આભારી હોય છે. સાધકે પોતાની સપાટી પરની ચેતનામાંથી નીકળી અંદર પોતાની આંતરચેતનમાં જવાનું રહે છે. આંતરચેતનામાં પ્રવેશ મળતાં જ સાધકને જણાશે કે મનના વિચારો અને પ્રાણમાંથી ઊઠતી લાગણી અથવા તો ક્રિયાઓ બન્ને જુદા જ સ્તરના છે. સાધકની ચાતક નજર આ ભેદને પારખશે અને સાધકને સમજ આવશે કે પોતાની મુશ્કેલીઓના મૂળ કયા સ્તરનાં છે. તેને કયાં સ્તરેથી દૂર કરવાના છે.

આપણા સૌનો સર્વ સામાન્ય અનુભવ છે કે આપણા મનના ખરાબ વિચારોને હાંકી કાઢ્યા પછી પણ તે વારંવાર આપણા ચિત્તમાં પ્રગટ થઈને સાધનામાં ખલેલ પાડતાં હોય છે. કારણ અશુદ્ધ પ્રાણ તેમાં ખરાબ વિચાર સર્જે છે. ત્યારે મૂળભૂત રીતે એ વસ્તુ સમજી લેવાની છે કે વિચારો અથવા તો ક્રિયાઓ પ્રતિક્રિયાઓ કયા સ્તરેથી આવે છે, તે 'મનોમય' છે કે પ્રાણમય' આ ભેદ જાણ્યા પછી સભાનરીતે પ્રાણને શુદ્ધ કરી 'મન' અને 'પ્રાણ'ને સંવાદમય સ્થિતિમાં મૂકી શકાય છે.

(અનુ. પૃષ્ઠ ૨૧ ઉપર)

# ઉપનિષદો
- શ્રી અરવિન્દ

## ઈશોપનિષદ

(પૃ.૨૦-૨૪)

(ગતાંકથી ચાલુ)

(૯) અંધં તમઃ પ્રવિશન્તિ યેઙવિદ્યામુપાસતે।
તતો ભૂય ઈવ તે તમો ય ઉ વિદ્યાયાં રતાઃ।।૯।।

આંધળો કરી નાખતા તમસમાં (અજ્ઞાનમાં) તે પ્રવેશે છે જે આ ભૌતિક જગતનાં સમજણ આપતાં શાસ્ત્રોનો જ અભ્યાસ કરે છે (યે અવિદ્યાં ઉપાસતે) (અર્થાત્ તેઓ જગતને ભૌતિક સમજીને જ સમાધાન માની લેવાથી આત્મા બાબતનું ચિંતન જ નથી કરતા) પણ (તતો) જે આત્મવિદ્યામાં જ મગ્ન થઈ ગયા છે (યઉ વિદ્યાયાં રતાઃ) તે તો તેથી પણ વધારે ગાઢ અંધકારમાં પ્રવેશે છે (ભૂય ઈવ તે તમો) (કારણ તેઓ ભૌતિક-જીવન તરફ તદ્દન દુર્લક્ષ્ય કરે છે. સાચી વસ્તુ એ છે કે શુદ્ધ આત્માએ જ જગતરૂપે પોતાનો આવિર્ભાવ કરેલો હોવાથી આપણે આત્મવિદ્યા અને ભૌતિકશાસ્ત્રો બન્નેનો અભ્યાસ કરીને કઈ પ્રક્રિયાથી આત્મતત્ત્વે ભૌતિક જડતત્ત્વનું રૂપ ધારણ કર્યું અને પછી ફરી ચેતના તરીકે આવિર્ભાવ કર્યો એ બધું સુસંગત રીતે, સમગ્ર રીતે સમજી લેવું જરૂરી છે.)

૧૦ અન્યદાહુર્વિદ્યાયાઙન્યદાહુરવિદ્યયા।
ઈતિ શુશ્રુમ ધીરાણાં, યે નસ્તદ્વિચચક્ષિરે।।૧૦।।

અમુક પ્રાચીન ઋષિઓ કહી ગયા છે કે (અન્યદાહુઃ) આત્મવિદ્યાથી જ. (વિદ્યયા) બીજા અમુક પ્રાચીન ઋષિઓ કહી ગયા છે (અન્યદાહુઃ) કે વિજ્ઞાન અને ભૌતિકશાસ્ત્રોથી જ (જીવન સફળ બને છે) એવું મેં ધીર લોકો પાસેથી સાંભળ્યું છે (ઈતિ શુશ્રુમ ધીરાણાં) જે તેમણે (યે) આપણને (નઃ) બૌદ્ધિક રીતે

સમજાવેલ છે (વિચચક્ષિરે) (સારાંશ, વૈદિક કાળમાં પણ ભૌતિકવાદ અને અધ્યાત્મવાદ વચ્ચે વિરોધ જાગેલો, જેનું નિરાકરણ આ ઉપનિષદ દ્વારા કરવાનો પ્રયત્ન થયો છે)

૧૧ વિદ્યાં ચાવિદ્યાંચ યસ્તદ્વેદોભયં સહ।
અવિદ્યયા મૃત્યું તીર્ત્વા વિદ્યયામૃતમશ્નુતે ॥૧૧॥

વિદ્યા અને અવિદ્યા (વિદ્યાંચાવિદ્યાંચ) બન્નેને સાથે જ (ઉભયં સહ) વિશાળ જ્ઞાનનાં બે પાયા સમજે છે. (તદ્ વેદો) તે અવિદ્યાથી અર્થાત્ ભૌતિક વિજ્ઞાનથી (અવિદ્યા) રોગ, દારિદ્રય, અગવડતાઓ રૂપી મૃત્યુને તરી જાય છે (મૃત્યં તીર્ત્વા) વિદ્યાથી (વિદ્યયા) તેઓ અમર આત્માને મેળવે છે (અમૃતમશ્નુતે)

(તે કાળમાં 'સા વિદ્યા યા વિમુક્તયે' જે મુક્તિ અપાવે, આત્મસાક્ષાત્કાર કરાવે તે વિદ્યા, બાકી બધી અવિદ્યા એવી વ્યાખ્યા હોવાથી અહીં ભૌતિકશાસ્ત્રોને અવિદ્યા કહ્યાં છે)

૧૨ અન્ધંતમઃ પ્રતિશંતિ યેઙસંભૂતિમુપાસતે।
તતો ભૂય ઈવ તમો ય ઉ સંભૂત્યાં રતાઃ ॥૧૨॥

અંધ કરી નાખનારા તમસમાં તે પ્રવેશે છે (અંધતમં પ્રવિશંતિ) જે ફક્ત નિરાકાર, નિર્ગુણ, નિષ્ક્રિય અજન્મા આત્માને (અસંભૂતિ) ઉપાસે છે (ઉપાસતે) તેથી પણ ગાઢ તમસમાં તે પ્રવેશે છે (તતો ભૂય ઈવતમો) જે નિર્માણ થનારી, મૃત્યુ પામનારી વિનાશી વસ્તુઓમાં જ મગ્ન થઈ ગયાં છે. (રતાઃ)

૧૩ અન્યદાહુ સંભવાદન્યદાહુરસંભવાત્।
ઈતિ શુશ્રુમ ધીરાણાં યે નસ્તદ્વિચચક્ષિરે ॥૧૩॥

અમુક પ્રાચીન ઋષિઓ (અન્યદ) વિનાશી વસ્તુઓથી (સુખી થવાય છે) એમ કહે છે (આહુઃ) અન્ય ઋષિઓ (અન્યદ) અવિનાશી તત્ત્વથી (અસંભવાત્) (સુખી થવાય છે) એમ કહે છે (આહુઃ) આવું ધીર પુરુષો પાસેથી મેં સાંભળેલું છે, જે તેમણે આપણને (નઃ) બૌદ્ધિક રીતે સમજાવેલ છે (વિચચક્ષિરે)

૧૪ સંભૂતિ ચ વિનાશં ચ યસ્તદ્વેદોભયઃ સહ।

વિનાશેન મૃત્યુ તીર્ત્વા સંભૂત્યાં મૃતમશ્નુતે ॥૧૪॥

આવી રીતે સર્વત્ર આવિર્ભાવ પામેલા આત્માને (સંભૂતિં ચ) તેમ જ વિનાશી વસ્તુઓ (વિનાશં ચ) જે તે બન્નેને સાથે જાણે છે (તદ્વેદોભયં સહ) તે વિનાશી વસ્તુઓથી રોગાદિ અગવડતાઓ રૂપી મૃત્યુને તરીને (મૃત્યું તીર્ત્વા) સર્વત્ર આવિર્ભાવ પામતા અવિનાશી આત્માની પ્રાપ્તિથી (સંભૂત્યાં) અમરતાને પ્રાપ્ત કરી શકે છે (અમૃતમશ્નુતે)

(અહીં ઉપનિષદકારે સંભૂતિ શબ્દ, ઉપર જે રીતે વાપર્યો છે તેથી તદ્દન અલગ અર્થમાં આત્મા માટે વાપર્યો છે. બધાં સ્વરૂપે આવિર્ભાવ પામતો આત્મા એટલે 'સંભૂતિ' એવો અર્થ લીધેલ છે, જેથી ઉપનિષદના ગૂઢજ્ઞાનની ગુપ્તતા જળવાઈ રહે)

બીજો પણ અર્થ શ્રી અરવિન્દે દર્શાવ્યો છે અજ્ઞાનના નાશથી (વિનાશેન) મૃત્યુને પાર કરી જાય છે (મૃત્યુ તીર્ત્વા) અને તે પછી તે જ જન્મમાં (સંભૂત્યામ્) અમરતાનો આનંદ માણે છે (અમૃતમશ્નુતે)

૧૫ હિરણ્યમયેન પાત્રેણ સત્યસ્યા પિહિતમ્ મુખમ્।

તત્ ત્વં પૂશન્નપાવૃણુ સત્ય ધર્માય દૃષ્ટયે ॥૧૫॥

સત્ય (આત્મતત્ત્વ અને ભૌતિક જીવન વચ્ચેની એકતા)નું રહસ્ય અર્થાત્ મુખ (સત્યસ્ય મુખમ્) અધિમનસરૂપી સુવર્ણમય પ્રકાશના ઢાંકણાથી (હિરણ્યમયેન પાત્રેણ) ઢાંકેલું છે તે આધ્યાત્મિક પ્રગતિને પોષણ આપનાર, (પૂષન્) તમે તેની પાર જવા માટે તે (તત્) તમે (ત્વં) આઘું ખસેડો (અપાવૃણુ) જેથી સાચા સમગ્ર સત્યનો સ્વભાવ-ધર્મને (સત્યધર્માય) હું જાણી શકું (દૃષ્ટયે)

૧૬ પુષન્નેકર્ષે યમ સૂર્યપ્રાજાપત્ય વ્યૂહ રશ્મિન સમૂહ।

તેજો યત્ તે રૂપં કલ્યાણતમં તત્તે પશ્યામિ યોઽસાવસૌ પુરુષઃ સોઽહમસ્મિ ॥૧૬॥

અધિમનસના દેવતા સ્વરૂપ હે પોષણ આપનાર પુષન્, હે એકર્ષે અર્થાત્ સમગ્રતાને જાણનાર, હે નિયંત્રક યમ, હે દિવ્ય-શક્તિઓને પ્રકાશિત કરનાર

સૂર્ય, હે પ્રજાને વિકસાવનાર પ્રજાપતિ, આ તમારા દરેકના જુદાં જુદાં પ્રકાશ-કિરણોનો સમન્વય કરો (વ્યૂહ) અને એક જ એકમ (સમૂહ) બનાવો. તમારા અનંત રૂપો પૈકી તેજસ્વરૂપ રૂપ (તેજો યત તે રૂપં) ખૂબ જ કલ્યાણ કારક છે (કલ્યાણતમમ્) તેને જ હું તમારા સ્વરૂપે અનુભવું છું (તત્તે પશ્યામિ) તે જે પુરુષ છે (યો સાવસૌ પુરુષઃ) તે જ હું છું (સોડહમસ્મિ) (અહીં પ્રકાશને જ પરમ-પ્રભુ સમજીને ઉપાસવાની યુક્તિ દર્શાવી છે જેમાં ઉપર જણાવેલાં બધાં દેવોની ક્ષમતા છે. તે જ હું છું એવો એકાત્મતાના ભાવથી આ ઉપાસના કરવાની છે. આ પોતાના મંતવ્યના આધાર તરીકે ઉપનિષદનો અંતિમ મંત્ર વેદમાંથી જેવો ને તેવો જ ઉપાડીને લીધેલો છે જેમાં તે કલ્યાણસ્વરૂપ તેજને અગ્નિ કહ્યો છે.)

૧૭ વાયુરનિલમમૃતમયેદં ભસ્માંતમ્ શરીરમ્।
ૐક્રતો સ્મર કૃતં સ્મર, ક્રતો સ્મરઃ કૃતંસ્મર ।।૧૭।।

તમારો શ્વાસ, પ્રશ્વાસ, (વાયુરનિલ)ને તે અમર તેજથી ભરી દો (અમૃતમયં ઈદમ્) આ શરીરની અંતે તો રાખ જ થવાની છે તે નશ્વર છે. (ભસ્માંતં શરીરમ્) આ જે પરમતત્ત્વનો પોતાના આવિર્ભાવ સ્વરૂપ વૈશ્વિક યજ્ઞ ચાલી રહ્યો છે તેને યાદ રાખ (ક્રતો સ્મરઃ) તે પોતે આધ્યાત્મિક કેટલી ઓછી પ્રગતિ કરી છે તે પણ યાદ કરી લે (કૃતં સ્મરઃ) તેથી ઉતાવળ કર. જ્યારે પણ શિથિલતા આવે ત્યારે ફરી વિશ્વયજ્ઞને યાદ કર. તારી ન્યૂન પ્રગતિને યાદ કર અને ઉતાવળ રાખ. (ક્રતો સ્મરઃ કૃતં સ્મર)

૧૮ અગ્ને નય સુપથા રાયે અસ્માન્ વિશ્વાનિ દેવ વયુનાનિ વિદ્વાન્।
યુયોધ્યસ્મ જજુહરાણમેનો ભૂયેષ્ઠિાં તે નમ ઉક્તિં વિધેમ ।।૧૮।।

હે તેજોમય પ્રભુ, હે સર્વજ્ઞ અગ્નિ (વિદ્વાન અગ્નિ) મારામાં (અન્નમયાદિ કોષોરૂપી વિશ્વોનો) જે વિકાસ થએલો છે તેને તું જાણી લે (અસ્માન વિશ્વાનિ વયુનાનિ) અને અમને દિવ્યાનંદના ઉત્તમ પથ ઉપર જ લઈ જા (નય સુપથા રાયે) મારા આ (એનો) આસક્તિ, ધૃણારૂપી દ્વંદ્વો તરફના મારા ખેંચાણ સામે (જુહરાણમ્) યુદ્ધે ચડ (યુયોદ્ધસ્વ) હું તને (તે) ફરી ફરી (ભૂયિષ્ઠામ્) વંદન સ્વરૂપ પ્રાર્થનાઓ (નમઉકિતં) કરું છું (વિધેમ)

# સાંજના વાર્તાલાપો

- શ્રી અંબુભાઈ પુરાણી

## દુઃખોનો સાધનામાં ઉપયોગ

પ્રકરણ - ૨૭

(ખંડ-૧, પૃ.૧૪૬-૧૪૭) (તા.૨૫.૬.૨૬)

**સમજૂતી** - માનસિંહ ચાવડા

શિષ્ય : દુઃખો માનવને નિર્લેપ થતાં અને તેને કારણે નિમ્નપ્રકૃતિથી મુક્ત થતા શીખવે છે, તેથી તે વિશુદ્ધિ માટે શું જરૂરી નથી ?

શ્રી અરવિન્દ : બધી જ વ્યક્તિ દુઃખમાં અલિપ્તતા કેળવી શકતી નથી. વધારે પડતા લોકો તો દુઃખમાં હતાશ થઈ ભાંગી પડે છે. આત્મવિશ્વાસ ખોઈ બેસે છે. દુઃખ તરફ તમે કયું વલણ લો છો તે મુખ્ય છે. દુઃખ પોતે સદા વિશુદ્ધિ લાવે તેવું નથી. મારી દૃષ્ટિએ દુઃખ એ પ્રકૃતિની અપૂર્ણતાની નિશાની છે. વ્યક્તિની પ્રકૃતિ વિશ્વપ્રકૃતિ સાથે તાળમેળમાં ન રહેવાની તે નિશાની છે. વિસંવાદની તે નિશાની છે. બીજું, દુઃખ એટલે ગતજન્મનાં કર્મોનું ફળ એમ માની તેને પ્રાયશ્ચિત તરીકે ગણવાની શાસ્ત્રો સલાહ આપે છે. પણ તે વ્યક્તિને પોતાનો ગુનો શું છે તેની જ કલ્પના હોતી નથી. તે સુધરે કેવી રીતે ? પાદરીઓમાં ચાબુકના ફટકા મરાવી તેમાં આનંદ લેતા શીખવે છે. આ કદાચ દુઃખમાં પણ નિર્લેપ બનવાની તેમની ટ્રેનિંગ હશે પણ આ કાંઈ ઉત્તમ ટ્રેનિંગ ન જ ગણાય. દુઃખમાં વિકૃત આનંદ લેવાની વિકૃતિ આમાં વિકસે છે.

શિષ્ય : દુઃખમાં જ લોકો પ્રભુ તરફ વળે છે તે શું સાચું નથી ?

શ્રી અરવિન્દ : પણ સદા તેવું જ થાય છે તેમ નથી. દુઃખ પડતું હોવાથી ભગવાન જેવું કાંઈ નથી એવું વલણ ધરાવનારા પણ છે જ.

શિષ્ય : ટાગોર કહે છે ભગવાન જે સુખદુઃખ આપશે તે હું આનંદથી સ્વીકારી લઈશ.

શ્રી અરવિન્દ : દુઃખને આનંદમાં પલટાવવું એટલું સહેલું નથી.

શિષ્ય : ભગવાનને દુઃખ આપવું જ હોય તો મારે શા માટે વિરોધ કરવો

(અનુ.પૃ.૬ ઉપર)

# વેદ-રહસ્ય
- શ્રી અરવિન્દ

# અગ્નિ : દિવ્ય સંકલ્પશક્તિ

(વેદનું રહસ્ય ભા. (ઋગ-૧-૭૭) પૃ.૨૯૩-૩૦૩)
પ્રકરણ -૧૦

**સમજૂતી** - માનસિંહ ચાવડા

ગૌતમ રહુગણે આ સૂક્ત અગ્નિ માટે લખેલ છે. ગૌતમનો અર્થ છે અતિશય પ્રકાશને (ગો + તમ) ધારણ કરનાર.

અગ્નિ એ દરેક વસ્તુમાત્રની પાછળ રહેલી ગુપ્ત સંકલ્પ-શક્તિ છે. વસ્તુ કે વ્યક્તિની વિકાસ-રેખાને નિશ્ચિત કરી તે અનુસાર તે જ ઋત્-માર્ગે દોરનાર શક્તિ છે. માનવી-સ્વરૂપમાં ગતિ વગરની સ્થિર થયેલી (અ+ગ) પ્રકાશમય ચેતનાનો સ્ફુલિંગ એ જ અગ્નિ છે. તેની વિશેષતા નીચે મુજબની છે :

૧. ભૌતિક-જગત જે અવચેતન અને અચેતનના તીવ્ર પ્રભાવ હેઠળ છે અને જડ બની ગયું છે તેમાં ચેતનાના પ્રકાશ અને શક્તિને સક્રિય કરવી.

૨. પ્રાણમય-જગતમાં પ્રાણશક્તિના પ્રવાહોનો તે ગુપ્ત નિયામક છે અને દિવ્યભાવો રચે છે.

૩. મનોમય-જગતમાં તે દિવ્ય-વિચાર સ્વરૂપે પ્રગટ થઈ વિકાસ અને પ્રગતિનું નેતૃત્વ કરે છે.

૪. શુદ્ધ બુદ્ધિમાં તે પોતાના મૂળ ઘર-ધામ વિશે સભાન બને છે. તેનું ઘર-ઋત્-સત્યની વિશાળ વૈશ્વિક-ચેતના છે. ત્યાં જ્ઞાન અને શક્તિ એકરૂપ બનેલાં હોય છે અને તે શક્તિ જ સાચા આર્યના જીવન-યજ્ઞને પ્રગટ રીતે દોરતી હોય છે. તેથી મનનું અતિમનસમાં રૂપાંતર થાય છે. આંતરિક પ્રકાશમય

અવસ્થા જ રૂપાંતરની પ્રક્રિયાની શરૂઆત કરે છે અને તેને નિર્વિઘ્ન રીતે આગળ વધારે છે.

સારાંશ, યજ્ઞ એટલે સભાન, પ્રકાશપૂર્ણ ચેતનામાં રહી કરેલી બધી ક્રિયાઓ. જે આ પ્રમાણે કરે છે તે વિશ્વ-શક્તિઓના ઉપભોગોમાં સહભાગી થાય છે. જે આ રીતે નથી કરતીં તેઓ ભૌતિક વસ્તુઓના ભોક્તા હોવા છતાં વૈશ્વિક-શક્તિઓનું તો ભક્ષ્ય કે ભોજ્ય જ બની જાય છે એમ વેદો જણાવે છે.

આ યજ્ઞ-પ્રક્રિયાથી જ સનાતન આત્મતત્ત્વની અમરતા-અમૃત પ્રાપ્ત થાય છે ત્યારે જીવન દિવ્ય બને છે. દિવ્ય-જીવનની ત્રણ શક્તિઓ છે - જ્ઞાન, શક્તિ અને આનંદ. વિચારોમાંથી જ્ઞાન પ્રગટે છે. સંકલ્પમાંથી કાર્ય-શક્તિ અને પ્રેમમાંથી આનંદ. પણ માનવ - પ્રકૃતિમાં તે બધાં અશુદ્ધ થઈને ગૂંચવાડાં (દુરિતાનિ) નિર્માણ થયાં છે. બાંધેલા જક્કી વિચારો એ જ્ઞાનનાં ગૂંચવાડાં છે. અવઢવની સ્થિતિ એ સંકલ્પનાં અને સુખ:દુ:ખો એ આનંદનાં ગૂંચવાડાં છે. આ ગૂંચવાડાંનું કારણ અમૃત - ઋત્‌થી વિરોધી જવાની વૃત્તિ છે.

હવે પ્રત્યક્ષ અગ્નિની સાધનાની વાત ગૌતમ ઋષિ કરે છે. પહેલો પ્રશ્ન - અગ્નિને (ઋત્‌ને) અર્પણ કેવી રીતે કરવું ? જવાબ છે 'દાશેય'થી. તેમાં 'દશ' ધાતુ છે જેનો અર્થ વિવેકપૂર્ણ દર્શન અને સમજણ. બીજો અર્થ છે વહેંચવું. વૈશ્વિક-શક્તિઓ જ પોતપોતાની રીતે માનવી-જીવન દ્વારા પોતાના ભાગનો ઉપભોગ લઈ રહી છે. આ વિવેકપૂર્ણ દર્શન અને સમજણથી જાણીને સભાન રીતે તેમને જ ઉપભોગ માટે જીવનમાં મળતાં સુખોપભોગો અર્પણ કરવાં આ જ 'દાશેય' ક્રિયા છે. આ રીતે જ અગ્નિને આહુતિ અપાય છે.

બીજો પ્રશ્ન - આ આહુતિ માટે માનવી - કાર્યોનું સ્વરૂપ કેવી રીતે નિશ્ચિત કરવું ? જવાબ છે પ્રકાશપૂર્ણ સભાન આંતરિક અવસ્થામાંથી જે આંતરપ્રેરણા મળે છે, તેમને અનુસરીને જ આ માનવી - કાર્યોનાં સ્વરૂપને અને પદ્ધતિને ઘાટ આપવો.

ત્રીજો પ્રશ્ન - અગ્નિને ચેતવવા - પ્રગટાવવા કયા શબ્દો બોલવા ? જવાબ છે સ્તુતિસ્વરૂપ (નમોભિઃ) શબ્દો, જેમાં સમર્પણભાવ હોય. શબ્દ સ્તુતિરૂપ (નમન-સ્વરૂપ) ત્યારે જ થાય છે જ્યારે તે બે શરતો પૂર્ણ કરે છે :

૧ દિવ્ય-શક્તિઓ તે શબ્દનો સ્વીકાર કરે તો. જો તે શબ્દ ચેતનામાં પ્રકાશ લાવશે તો જ તે શબ્દ દિવ્ય-શક્તિઓએ સ્વીકાર્યો છે તેમ ગણવો જોઈએ.

૨ તે દિવ્ય - શક્તિઓ અવતરણ પામી માનવની બાહ્યચેતનામાં સક્રિય બને અને તેને શુદ્ધ કરે તો.

આ બે શરતોથી યુક્ત ક્રિયાને 'ભામ્' ક્રિયા કહે છે, જેનો અર્થ છે વિશાળતા પ્રાપ્ત કરવી. તેના ઉપરથી જ ભૌમ, ભૂમિ શબ્દો આવ્યાં છે (જુઓ ભૂમા વૈ સુખમ્) તેમાં પ્રકાશ અને શક્તિ બંનેની વિશાળતા હોય છે જે વૈશ્વિક-ચેતનામાં આરોહણ કરાવે છે. આ આત્મ-પ્રસારણથી વૈશ્વિક અને વ્યક્તિગત-જીવન જોડાઈ જાય છે. વૈશ્વિક-જીવન બનવું તેને 'દેવતાતિ' કહે છે. દિવ્ય બનવું, દેવતા બનવું એમ કહે છે. અને વ્યક્તિ-જીવનની વિશાળતાને કહે છે દેવવીતિ - દૈવી થવાની શરૂઆત.

જડ ભૌતિક જીવનમાં આ અગ્નિનો સંકલ્પ પાર્શ્વભૂમિમાં રહીને યાંત્રિક રીતે જીવનનું સંચાલન કરતો લાગે છે. જ્યારે માનવી-ચેતનામાં આત્મપ્રભા સુપ્ત રહેલા દેવો જાણે જાગી જાય છે; તેથી તેમને ઉષાકાળે જાગનારા (ઉષર્બુધઃ) કહે છે.

માનવી-કર્મને 'હવ્ય' અથવા 'આહુતિ કહે છે. આહુતિ દ્વારા દેવોને આમંત્રણ અપાય છે, આહુત કરાય છે; બોલાવાય છે તેથી આહુતિ.

આમ, અગ્નિ-સ્વરૂપ દિવ્ય-સંકલ્પ બધાંમાં પહેલેથી રહેલો હોવાથી તેને 'પુરોહિત' કહેવાય છે. (પુરા એવ હિતમ્ સ્થાપિતમ્ ઇતિ) પુરોહિતનો બીજો અર્થ યજ્ઞ કરાવનાર એવો પણ થાય છે, જે અહીં લાગુ પડે જ છે.

અગ્નિ માનવમાં રહેલ દિવ્ય-સંકલ્પની સક્રિય-શક્તિ છે, જે તે દિવ્ય-સંકલ્પાનુસાર માનવી-તત્ત્વોને દિવ્ય ઘાટ આપીને તેમાંથી દેવોની મૂર્તિ ઘડે છે તેથી તે દેવોનો ઘડવૈયો પણ ગણાય છે.

અહીં દિવ્ય ઘાટ આપવાની ક્રિયાને 'આકૃણુધ્વમ્' તરીકે વર્ણવેલ છે જે નવા જ દિવ્ય ઘાટ આપવાનું સૂચવે છે. તે અવ્યક્ત ઘાટોને વ્યક્ત કરવાની આવિર્ભાવ પ્રક્રિયા નથી.

આ રીતે સાધકની સામે પોતાના જ વિકાસનો માર્ગ સ્પષ્ટ દેખાવા માંડે છે.

આનું કારણ અગ્નિ બળવાન છે (મર્યઃ), તે યોગ-સાધનાને સાધી આપનાર છે (સાધુ). તેને વેદોએ 'દિવ્ય લુહાર' ગણ્યો છે. તે બીજાની ચેતનામાં પોતાનું કાર્ય કરે છે. (૧-૧૭૦)

સારાંશ, જ્યારે સંકલ્પ-શક્તિ અને પ્રેમ જોડાઈ જાય અને તે બંને જ્ઞાનથી આલોકિત થાય તો જ પ્રભુનો દિવ્ય-હેતુ પાર પાડે છે. આવી સ્થિતિ જ 'સર્જનાત્મક શબ્દ' નિર્માણ કરે છે.

માનવે સાધનાની શરૂઆત મનથી જ કરવાની છે. તે જ યજ્ઞનું શરૂઆતનું સાધન છે. તે પછી અન્ય તત્ત્વો તેની સાથે જોડાય છે. વેદોની ભાષામાં ઈન્દ્ર સાધનાની શરૂઆત કરે છે. પછી અશ્વિનો, ઉષા, સૂર્ય, વરુણ, મિત્ર, અર્યમા, મિત્ર જોડાય છે.

અગ્નિ જાતવેદસ છે. જન્મેલા બાબતનું બધું અથથી ઈતિ જ્ઞાન ધરાવે છે. ભૂતકાળ, વર્તમાનકાળ અને ભવિષ્યકાળનું પણ. શરૂઆત તે માનવ-સ્વરૂપમાંના પંચકોષોથી કરે છે, ભૂથી જન સુધીનાં પાંચ લોકોમાં કરે છે. અંતે, આ માનવ-સ્વરૂપ વૃષભનાં ચાર શીંગડારૂપ અતિમનસ, સત્, ચિત્, આનંદના ચતુશીંગમાં પહોંચે છે.

તેથી ગૌતમ ઋષિ સ્તુતિ કરતાં જણાવે છે કે હે અગ્નિ, તમે મર્ત્યોમાં અમૃત છો, ઋત્નામી છો, ઋત્ના સ્વામી છો. આહુતિના પુરોહિત છો અને યજ્ઞમાં સૌથી બળવાન છો. તમે અમારામાં દેવોનું સર્જન કરો છો. (યો મર્ત્યેષ્વમૃત, ઋતાવા, હોતા, યજિષ્ઠઈતું કૃણોતિ દેવાન્) (૧) તમે અમારા નમનો-સૂક્તો થકી તમારું સ્વરૂપ અમારામાં રચો છો (તમ્ નમોભિરાકૃણુધ્વમ્ (૨) જ્યારે મર્ત્યમાનવી માટે તેના સ્વરૂપમાં અગ્નિ દેવોને પ્રગટ કરે છે, ત્યારે તે સાધક મન વડે તેમને જાણે છે અને મન વડે તેમને યજ્ઞ અર્પણ કરે છે. અગ્નિર્યદ્ વેર્મર્તાય દેવાન્સા યા બોધાતિ મનસા યજાતિ (૨) તે દિવ્ય સંકલ્પ સ્વરૂપ છે. (સ હિ ઋતઃ) (૩) આ અગ્નિ પોતાની હાજરી વડે આંતર શ્રુતિ તરીકે તેની સમજણમાં પ્રગટ થાઓ. (અગ્નિર્ગિરોડવસા વેતું ધીતિમ્) (૪) તે અગ્નિ તેઓમાં પ્રકાશ, તેનાથી મળતું પોષણ, સંવાદિતા આપે છે. (સએષુ દ્યુમ્ન, સવાજં, પુષ્ટિંયાતિ )

# વિદ્યાર્થીઓને માર્ગદર્શન

- શ્રી અરવિન્દ, શ્રી માતાજી

# દૈનિક જીવનમાં યોગ

પ્રકરણ - ૨૪

**સમજૂતી** - માનસિંહ ચાવડા

(Lights for students - P. 113-121)

**પ્રગતિ કેવી રીતે કરવી?**

૧ **પ્રગતિના ત્રણ માર્ગો છે : (૧) પોતાની ચેતનાને વિશાળ કરો (૨) જે જાણો છો તેને સમગ્રતાથી જાણવાનો પ્રયત્ન કરો (૩) પ્રભુને શોધી તેને સમર્પિત બનો અને તેની ઈચ્છાને આધીન રહો.**

આનો અર્થ આ મન, પ્રાણ, શરીરરૂપી સાધનોની વધુમાં વધુ શક્યતાઓ અને ક્ષમતાઓને વિકસાવો. આ સાધનને સતત વધારે ને વધારે પૂર્ણ કરતા જાઓ. આ સાધનમાં પ્રભુ પ્રત્યેની ગ્રહણશીલતા અને આજ્ઞાધારકતા વધારતા જાઓ.

આ માટે જે પ્રભુ પ્રત્યેના સમર્પણમાં અવરોધરૂપ હોય તેને ત્યાગીને વધારે શુદ્ધ બનો. જીવનના દરેક નિર્ણયમાં પ્રભુની પ્રેરણા મેળવો. પૃ.૧૧૩

૨ **જન્મદિનનું મહત્ત્વ શું? તેનો સાચો અને પૂર્ણ ઉપયોગ કેવી રીતે કરી શકાય?**

જન્મદિવસે વ્યક્તિ વધારે ભાવુક અને ગ્રહણશીલ બની જાય છે, તેથી તે દિવસે સારા નિર્ણયો અને પ્રગતિનો માર્ગ નિશ્ચિત કરી સર્વાંગી પ્રગતિ માટેની શરૂઆત કરવી હિતાવહ છે. પૃ.૧૧૪

૩ **પોતાની વસ્તુઓને કેવી રીતે સાચવવી?**

પોતે વપરાશની વસ્તુઓની દરકાર ન કરવી એ અચેતનતા અને અજ્ઞાનનું લક્ષણ છે. જો તમે તેની કાળજી ન લઈ શકો તો તે વાપરવાનો તમને હક્ક નથી. તમને તેની ગરજ છે અથવા તમને આસક્તિ છે તે માટે નહિ પણ તેઓ દ્વારા દિવ્ય-ચેતના પ્રગટ થતી હોય છે માટે. પૃ.૧૧૪

**૪ જમતી પહેલાં કઇ પ્રાર્થના કરવી જોઇએ ?**

જમતી પહેલાં શાંત થઈ પ્રભુને સાચા દિલથી પ્રાર્થના કરો કે - ''હે પ્રભુ, આ આહાર દ્વારા મારા શરીરને જરૂરી પોષક દ્રવ્યો મળે, જેથી પ્રભુની શોધના મારા પ્રયત્નોને તે એક મજબૂત આધાર બની રહે. તે પોષક દ્રવ્યોમાંથી મને એવી શક્તિ અને સ્ફૂર્તિ મળે જે મારા પ્રયત્નોને સતત અને અથાક બનાવી દે.'' પૃ.૧૧૪

**૫ સૂતાં પહેલાં કઇ પ્રાર્થના કરવી જરૂરી છે ?**

સૂતાં પહેલાં શાંત થઇ જાઓ અને પ્રભુને સાચા દિલથી પ્રાર્થના કરો કે - ''હે પ્રભુ, આ ઊંઘ મારી થાકેલી ચેતાનાડીઓ, મારા મગજને શાંતિ અને સ્વસ્થતા આપે, જેથી ઊઠ્યા બાદ હું મારો પ્રગતિનો પ્રવાસ વધારે પ્રસન્નતા અને શક્તિસભર બની અનુસરું અને પ્રભુની શોધને આગળ વધારું.'' પૃ.૧૧૫

**૬ બોલતાં પહેલાં શું કરવું જોઇએ ?**

બોલતાં શબ્દો મુખમાંથી બહાર પ્રગટ થાય તે પહેલાં તમે શાંત થઇ પ્રભુને પ્રાર્થના કરો, ''હે પ્રભુ, મારી દ્વારા એ જ શબ્દો બોલાય જે જરૂરી છે. ખોટી ઉગ્રતા, ડંફાસ કે ટીકા તેમાં રહે નહીં. મારી તારા શોધના પ્રયાસમાં તે શબ્દો મનમાં અવરોધરૂપ અશાંતિ કે ઉદ્વેગ નિર્માણ કરનારા ન બનો. તે શબ્દો તારા કાર્યના અનુરૂપ માધ્યમ બની રહો. પૃ.૧૧૫

**૭ ચિત્તશુદ્ધિ માટે મારે શું કરવું ?**

તે માટે નીચેના પ્રયત્નો કરવા જરૂરી છે :

(૧) પોતાની મહત્ત્વાકાંક્ષાને સ્થાને મારે આ કાર્ય સારામાં સારી રીતે કરવું છે તે નિષ્ઠાને મૂકો (મહત્ત્વાકાંક્ષા સાચા - ખોટા બધાં સાધનો વાપરે છે. કાર્યની પૂર્ણતા સાધન શુચી માંગે છે)

(૨) યશની લાલસાને સ્થાને પોતાની ચેતનાના વિકાસની તમન્નાને મૂકો (યશ સાચાખોટા માર્ગે પણ મેળવાય છે, જ્યારે પ્રગતિ માટે સાચો માર્ગ જ લેવો પડે છે)

(૩) પરિણામની ઉત્સુકતાને સ્થાને પૂર્ણતાની અભીપ્સાને મૂકો

(ઉત્સુકતા અપયશ મળતાં જ અવસાદ લાવે છે. પૂર્ણતામાં અપયશ પોતાની ઊણપો શોધીને ફરી પ્રયત્ન કરાવે છે)

(૪) સારા ઉચ્ચ જીવન માટે શરીરની નિરામયતા અને પૂર્ણતા જરૂરી છે. જરૂરી શારીરિક શિક્ષણ અને વ્યાયામથી શરીર સભાન, નિયંત્રિત, શિસ્તબદ્ધ અને પૂર્ણ સ્વામિત્વવાળું બને છે. આ ઉપરાંત આ બધું સમજો તેને જીવનમાં ઉતારો અને એક ખેલદિલ વ્યક્તિ બનો. પૃ.૧૧૫

**૮ ક્રોધને કેવી રીતે નાથવો ?**

અપમાન કે ક્રૂર મશ્કરીનાં આંદોલનો મગજમાં પ્રવેશતાં હોય ત્યારે તમે પોતાને સંયમિત કરો. મગજને તદ્દન ઉશ્કેરાટ વગરનું શાંત, સ્થિર અને અડગ કરી નાખો. તમારી શાંતિ તમને શક્તિ આપશે અને તમારી સ્થિરતા સામાવાળાની શક્તિ હણી લેશે. આવા પરિણામો તાત્કાલિક આવે છે.

અચળતામાં અગાધ શક્તિ રહેલી છે. આ દૈનિક જીવનમાં રોજબરોજ દેખાતી ઘટના છે. ફક્ત આધ્યાત્મિક જીવનમાંની જ ઘટના નથી. આવી અવિચળતા ત્રણ પ્રકારની હોય છે. માનસિક સ્થિરતા, ચેતાનાડીઓની અક્ષુબ્ધતા અને શરીરની સ્થિરતા, ત્રણે મળીને સમગ્ર અવિચળતા રચાય છે. આવી સમગ્ર અવિચળતા હોય તો સામેવાળાની શક્તિઓ આપણી અવિચળતાને ટકરાઇને સામેવાળા ઉપર પ્રતિ હુમલો કરે છે અને તેની શક્તિઓને હણી લે છે. પૃ.૧૧૬

**૯ શાંતિ અને સ્વસ્થતા કેવી રીતે મેળવવી ?**

જે સમર્થ છે તેને જ શાંતિ અને સ્વસ્થતા મળે છે, કારણ તેને કોઇ પણ સમસ્યાને પહોંચી વળવાનો આત્મવિશ્વાસ હોય છે.

હિંસક પ્રાણીઓ પણ પોતાની શક્તિનો ઉપયોગ કરતાં પહેલાં સ્થિર અને શાંત થઇ જાય છે. તેઓ તે વખતે પોતાની શક્તિને પોતાના એક જ હેતુ માટે એકાગ્ર કરવાનો પ્રયત્ન કરતા હોય છે. શાંતિમાં જ શક્તિને એકાગ્ર કરી શકાય છે. પૃ.૧૧૬ (ક્રમશઃ)

# શ્રી અરવિન્દનાં વિચાર-સૂત્રો

- શ્રી માતાજી

## કર પ્રહાર પ્રભુ

પ્રકરણ - ૨૩

(માતૃવાણી ભા.-૧૦ - પૃ.૩૧-૩૨)

**સમજૂતી** - માનસિંહ ચાવડા

**ઓ પ્રિયતમ કરી દે તારો પ્રહાર ! તું જો મને હમણાં પ્રહાર નહિ કરે તો જાણીશ કે તને મારા ઉપર પ્રેમ નથી (૩૧)**

પ્રભુ જેમને જલદી પ્રગતિ કરાવવા માગે છે તેમની પ્રગતિને ગતિ આપવા વધારે કરુણાભાવ વહેવડાવે છે પણ કરુણા બે પ્રકારની હોય છે : (૧) પ્રેમાળ કરુણા જે તમને નાના બાળકની જેમ સાચવે છે. આ છે મહાલક્ષ્મીની કરુણા. (૨) કઠોર કરુણા, તેમાં સાધક ધીમી સાધના કરે, ખોટે માર્ગે ચડે, સમય વેડફે તો પ્રભુ તેને ફટકા મારીને સીધા માર્ગે ચડાવે છે. આ છે મહાકાળીની કરુણા.

બન્ને કલ્યાણકારક જ છે. પણ એક મીઠી દવા બીજી કડવી. ઘણી વખત કડવાણીની જરૂર પડે છે. પ્રભુની કરુણા કોઈપણ સ્વરૂપની હોય પણ પ્રભુ પ્રેમાળ કે કઠોર તેમની પાછળ તેમનું આપણા પ્રત્યેનું પ્રેમ જ હોય છે. એક સૌમ્ય શાંત પ્રેમ, બીજું ઉત્કટ શીઘ્ર પરિણામકારી પણ પ્રભુ પ્રેમાળ કરુણા વર્ષાવશે કે કઠોર તેના પ્રભુના જ નિયમો છે. તે માનવ-બુદ્ધિથી સમજાય એવા નથી.

મૂળ તો સાધકની સમતા, સહનશીલતા, શ્રદ્ધાને વિકસાવવા જ કઠોર કૃપાના પ્રયોગો કરવામાં આવે છે. જો તે વિકસતી હોય, હાલના તબક્કે પર્યાપ્ત હોય તો પ્રભુના પ્રેમાળ કરુણાનો ધોધ સતત વહેતો લાગે છે. પ્રભુને જ્યારે લાગે છે કે હવે ઉગ્ર તપશ્ચર્યાનો તબક્કો આવી પહોંચ્યો છે; સાધકને વધારે ઊર્ધ્વ-ચેતનામાં લઈ જવો છે અને તે માટે તેની સમતા, સહનશીલતા, શ્રદ્ધાને વધારાની વિકસાવવાની જરૂર છે, ત્યારે સમય પલટાય છે, કસોટીઓનાં વાદળાં ઘેરાય છે, સાધક ઉપર અનપેક્ષિત દિશાએથી આઘાતો થવા લાગે છે. તેની પ્રકૃતિના નબળા ભાગોને ભાંગી નાખવામાં આવે છે. ત્યાં પુર્નરચના કરાવવાની તાતી ગરજ નિર્માણ કરવામાં આવે છે.

પણ પ્રભુ સતત પ્રહાર જ કરતા રહે તો જ પ્રેમ છે એમ કહેવું શક્ય નથી. શ્રી ''અરવિન્દ કહે છે : મારી નબળાઈ જોઈને પ્રહાર કરવામાં વિલંબ કરતો નહિ. ક્રૂર થઈને પ્રહાર કરજે. તારો દીકરો છું. આત્મવિશ્વાસથી કહું છું કે ભાંગી નહિ પડું. મારી શ્રદ્ધા, સમતા, ને સહિષ્ણુતાને કોઈ સીમા નથી .''

સાધકનો આવો સશ્રદ્ધ આત્મવિશ્વાસ તેની સાધનાને વધારે તીવ્ર ગતિ આપે છે, કારણ તે અગ્નિ-પરિક્ષામાં હોમાવા તૈયાર જ છે.

આ ભાવથી જ શ્રી અરવિન્દ પોતાનું ઉમુ વિચાર-સૂત્ર આપે છે :

**''ઓ દુર્ભાગ્ય, તને મારા ધન્યવાદ છે, મારા પ્રિયતમનું મુખ મને તારી દ્વારા જોવા મળ્યું.'' (૩૨)**

જ્યારે આપણે દુર્ભાગ્યથી ઘેરાએલા હોઈએ છીએ ત્યારે આપણે માંદા બાળક જેવા હોઈએ છીએ. મા જેમ માંદા બાળકની વધુ કાળજી લે તેમ પ્રભુ પોતાની હાજરી, યાદી, સંનિધિ વારંવાર પ્રગટ કરે છે. તે જ પ્રભુના મુખડાનાં દર્શન છે. દુઃખમાં જ લોકો પ્રભુને સ્મરે છે, સુખમાં કોઈ નહિ; એ વાસ્તવિકતા છે. અહીં સાધનાની દૃષ્ટિએ દુર્ભાગ્યની વાત નથી કરતા. આ તો પ્રભુની કઠોર-કૃપાનો દાખલો હોય છે. અગ્નિ-પરીક્ષા લેવાય છે. તો તેનું પૂરેપૂરું પરિણામ પણ રોકડું અપાય છે. પ્રભુની સંનિધિની કોઈ કિંમત નથી. તે અમૂલ્ય છે.

આપણી સાધનાનો આ જાણે ઓડિટ પિરિયડ છે. પૂરેપૂરી ચકાસણી થાય છે અને તેથી આપણે દરેક વસ્તુને ચકાસીને સ્વીકારીએ છીએ.

આનંદ અને દુઃખ બન્નેને સમતાથી સ્વીકારવા એ જ સાધનાનો રાજમાર્ગ છે. સ્થિર સાચી સમતા એ લક્ષ્ય નજીક જ છે તેની પ્રતીતિ રૂપ હોય છે. ત્યારે પ્રભુ તરફથી આવતી બધી જ ભેટોને આપણે પ્રેમથી સ્વીકારતા અને માણતા શીખીએ છીએ.

---

(પૃ.૩૮ ઉપરથી) **શ્રી અનિરુદ્ધભાઈ સ્માર્ત - પૂર્ણયોગના યાત્રી**

"And never can the mighty traveller rest.
And never can the mystic voyager cease,
Till the neiscient dusk is lifted from man's soul
And morns of God have overtaken his night.
- Sri Aurobindo

ચાલો, આપણે સૌ શ્રી અનિરુદ્ધભાઈની આ પૂર્ણયોગની યાત્રાનાં સહભાગી બનીએ, એ જ કરુણામયી પ્રાર્થના.

મા શ્રી અરવિન્દ સાધના કેન્દ્રના સાધકો

# શ્રી અનિરુદ્ધભાઈ સ્માર્ત - પૂર્ણયોગના યાત્રી

શ્રી અનિરુદ્ધભાઈ સ્માર્તની પાર્થિવ ચેતના પરમ ચેતનામાં તા.૦૧.૧૦.૨૦૧૨ના રોજ લય પામી ગઈ છે. જે રીતે નદી સમુદ્રમાં લય પામી સમુદ્રમાં રૂપાંતર પામે છે, તે રીતે જ અનિરુદ્ધભાઈની પાર્થિવ ચેતના પરમ ચેતનામાં રૂપાંતરિત થઈ ગયેલ છે.

શ્રી અનિરુદ્ધભાઈનું જીવન એટલે પૂર્ણયોગના યાત્રીનું જીવન. પૂર્ણયોગનો યાત્રી માનવના બાહ્ય સ્વરૂપ એટલે કે સ્ત્રી કે પુરુષ, ગરીબ કે તવંગર, બાળક કે વૃદ્ધ કે અન્ય ભેદ અનુભવતો નથી, પરંતુ પ્રત્યેક માનવમાં રહેલ પરમ આત્માને અનુભવે છે. શ્રી અનિરુદ્ધભાઈની આ આત્મપ્રેમની અનુભૂતિ આપણને વ્યાખ્યાન આપતા ત્યારે થાય છે. જ્યારે તેમનું પ્રથમ ઉદ્‌બોધન "My comrades on spiritual path - આધ્યાત્મિક માર્ગના મારા આત્મીય બાંધવો'' એ જ રહેતું. આમ શ્રી અનિરુદ્ધભાઈ બાહ્યદેહને બદલે પ્રત્યેક માનવમાં રહેલા આત્માને અનુભવતા હતા. આથી કોઈ પણ વ્યક્તિ શ્રી અનિરુદ્ધભાઈ સાથે ઐકયનો અનુભવ કરતી હતી. તે વ્યક્તિને અનિરુદ્ધભાઈ એટલે પોતાનો આત્મા તરીકે અનુભવાતો હતો. આ અનુભૂતિ આપણને પરમ પ્રભુ એકરૂપે છે પરંતુ અનેકરૂપે અભિવ્યક્ત થાય છે, તેનો અનુભવ કરાવે છે.

ગીતામાં યોગેશ્વર કૃષ્ણ જણાવે છે તે મુજબ પરમાત્માનો અંશ જીવ માનવદેહમાં અંદર આત્મારૂપે વસેલો છે અને માનવદેહ મન, ઈન્દ્રિયો અને અપરાપ્રકૃતિના બનેલા માનવનો આત્મા પોતાને સિંહ હોવા છતાં ઘેટું સમજે છે. અન્ય સિંહ તેની સાચી ઓળખ આપે છે, તે રીતે શ્રી અનિરુદ્ધભાઈએ અનેક લોકોને તેઓ ફક્ત માનવદેહ નથી પરંતુ પરમ પ્રભુના અંશ સ્વરૂપ આત્મા છે તેની ઓળખ કરાવી આપી છે.

શ્રી અનિરુદ્ધભાઈ જગત, જીવ અને જગતનાથને અવિભાજીત અનુભવતા ન હતા. પરંતુ જગતને સત્યમય, જીવને ચૈતન્યમય અને જગતનાથને આનંદમય અનુભવતા હતા. એવાં આ સત્‌,ચિત્‌, આનંદની અવિભાજ્ય અનુભૂતિ અનુભવતાં હતાં.

શ્રી અનિરુદ્ધભાઈની જીવન યાત્રા એટલે (અનુ. પૃ.૩૭ ઉપર)

# સર્વાંગી - આરોગ્ય

- શ્રી અરવિન્દ, શ્રી માતાજી

(Integral Healing પૃ.૨૧૭-૨૨૬)

પ્રકરણ - ૩૨ **અવતરણો**

# આધ્યાત્મિક શક્તિઓથી રોગનિવારણ

**સમજૂતી** - માનસિંહ ચાવડા

1( For the capacity to heal) ..... a method has to be found..... conditions (1) To have a physical nature that gives energy rather that draws..... from others (2) To know how to draw energy from above, from the inexhaustible impersonal source (3) The more one spends, the more one receives (4) Through steadfast aspiration that one learns. P.217

2 Healing comes not from the head but from the heart. P.217

3 Spiritual force has its own concreteness like stream..... one is aware of it and send quite concretely on..... object. P.217

4 Just as cosmic waves..... there are thought waves, waves of emotions..... which go out and affect others. P.218

5 There can be a purposeful generation of force, spiritual or other. P.218

6 Who can live in the true - consciousness certain powers are..... perfectly natural and credible. P.218

7 The Divine Force are meant to be used. Ignorance is to use for the ego and not for the Divine...... That has to be set right by union with the Divine consciousness and also by the widening of the individual being. it can consciously live in the universal. p.219

8 There are two ways of curing an illness spiritually (1) The Force of consciousness is put upon the affected part and its pressure restores order (2) One sees the inner corresponding - psychological state which has brought about the illness and acts on that. P.219

9 But if the cause of illness is refractory..... then that is hopeless. P.219

10 It one can act simultaneously upon both the cause and the effect..... one is completely cured. P.219

11 His inner pessimism and dissatisfaction constantly spoil the working. P.220

12 One can cure only if the disease is not necessary to the individual's development. P.220

13 Put your hand on and..... concentrate on..... either a Force of Harmony or a Force of order. P.221

14 I felt all the vibrations at my finger - tips it is like..... needles of light. P.221

15 Bad thoughts and good thoughts can have a bad or good effects on others. P.223

16 If you know how to pray for him and make helpful formations, you will do him much more good. P.223

17 Add to your mental formations an emotion, affection, love and an intensity of will.P.224

આધ્યાત્મિક શક્તિઓથી રોગ-નિવારણ શક્ય છે પણ તે માટે તેને અભ્યાસથી પ્રાપ્ત કરવાની હોય છે અને તેને વાપરવાનું શીખવું પડે છે. દરેકને આ વસ્તુ શક્ય બનતી નથી. તેના કારણો છે : (૧) જેનું ભૌતિક શરીર વધુ શક્તિ ઉપરથી મેળવી શકે છે, તે જ આ ક્ષમતાઓનો વિકાસ કરી શકે છે. અમુક લોકોનું ભૌતિક શરીર બીજાની શક્તિ શોષીને શક્તિ મેળવવાની ટેવ રાખે છે. પણ ઊર્ધ્વમાંથી તેને મેળવી શકતું નથી. તેમને આવી શક્તિઓ મેળવવી શક્ય હોતી નથી. (૨) ઊર્ધ્વમાંથી શક્તિ મેળવવાની પદ્ધતિ તેને ખબર હોવી જોઈએ. ઊર્ધ્વમાં મસ્તકની ઉપર અખૂટ એવો વૈશ્વિક શક્તિઓનો ખજાનો સમગ્ર વિશ્વસ્તરે પડેલો છે (૩) તે શક્તિ મેળવ્યા બાદ તેનો યોગ્ય ઉપયોગ સતત કરતા શીખવું પડે છે. જો તે વણવપરાયેલી જ રહે તો ધીમે ધીમે તે શક્તિનો સ્રોત ફરી બંધ થવાની શક્યતા છે. જેટલી શક્તિ તમે વાપરશો તેથી વધુ મળે છે. (૪) શક્તિ મેળવવી અને શક્તિ વાપરવી બન્ને સપ્રમાણ રાખવાની સમજણ વ્યક્તિમાં હોવી જરૂરી છે, નહિ તો તે ફક્ત વાપરશે અને ઊર્ધ્વમાંથી નહિ મેળવે તો પોતે જ રોગોને આમંત્રી બેસશે, નીચોવાઈ જશે. (૫) શક્તિ મેળવવા માટે તીવ્ર, દૃઢ, અખંડ અભીપ્સા જરૂરી છે. તે વિના તે મેળવવી શક્ય નથી. (૬) રોગ - નિવારણ મસ્તકમાંથી - ફક્ત ચિંતનમાંથી થતું નથી. તેમાં હૃદયની પ્રેમ, કારુણ્યની ભાવનોઓ ઉમેરવી પડે

છે. (૬) આ શક્તિ વાપરનારમાં તે શક્તિને સઘન રીતે અનુભવવાની ક્ષમતા હોવી જરૂરી છે. તે શક્તિનું અવતરણ અને ઉત્સર્જન બન્ને એક મંદ વિદ્યુત પ્રવાહ જેવા સંવેદનો નિર્માણ કરે છે. ઘણાને આંગળીઓમાં ઝણઝણાટી ઉપડે છે અથવા આંગળીઓ મારફત ફૂટી નીકળતી તેજ - શલાકાઓ, પ્રકાશકિરણો જેવું અનુભવાય છે અથવા સમગ્ર શરીર સૌમ્ય તેજથી ભરાએલું અને શરીર ફરતે તેજોવલય રચતું અનુભવાય છે.

સૂક્ષ્મશક્તિઓના ભૌતિકથી માંડીને પ્રાણમય, મનોમય, ચૈતસિક એવા ઘણા પ્રકારો છે. વૈશ્વિક શક્તિઓ ભૌતિક કક્ષાની હોય છે. સમગ્ર જગતમાં આવા વિવિધ પ્રકારની શક્તિઓનાં આંદોલનોનાં મહાપૂર ફરતાં હોય છે.

જેઓ સાચી દિવ્ય-ચેતનામાં સતત રહેતા હોય છે. તેમનું શરીર તેને અનુરૂપ ક્ષમતાઓ પોતાની મેળે વિકસાવતું હોવાથી તેને માટે તે શક્તિઓ સહજ અને નૈસર્ગિક હોય છે. દા.ત. ઈશુખ્રિસ્તની રોગ-નિવારણ ક્ષમતા.

દિવ્ય-શક્તિઓનો વપરાશ કરવો જ જોઈએ. પણ તે પ્રભુ માટે જ. પોતાના અહંકારને પોષવા તેનો ઉપયોગ કરવો એ તેનો ગેરઉપયોગ છે. તેથી તે શક્તિ લુપ્ત થઈ જાય છે.

રોગ-નિવારણ માટે દિવ્ય-શક્તિઓને વાપરવાની બે પદ્ધતિ છે :

(૧) સભાન રીતે દિવ્યશક્તિને રોગગ્રસ્ત ભાગ ઉપર દબાણથી મૂકવામાં આવે છે જે તેને વ્યવસ્થિત કરી દે છે. (૨) રોગના કારણભૂત સૂક્ષ્મ શરીરમાંનો કોઈ માનસિક વિસંવાદ કે સંઘર્ષ ઉપર દિવ્ય-શક્તિનું દબાણ લાવી તેને સંવાદમાં મૂકી આપવામાં આવે છે.

ઘણી વખત રોગ-નિવારણ એક અલ્પજીવી ઘટના બની રહે છે. તે જ રોગ ફરી જોરથી માથું ઊચકે છે. કારણ તેનાં મૂળિયાં ઊંડે ઊંડે સૂક્ષ્મ શરીરમાં પડ્યા હોય છે જે નાશ પામેલાં હોતા નથી. આ કારણ એટલે કોઈ તત્ત્વમાં પડેલી આંટી કે વક્રતા જેવું હોય છે, જેને સીધું થતા ઘણો સમય લાગે છે. આવી આંટી પ્રાણતત્ત્વ કે મનસતત્ત્વની વધારે હોય છે. આવા કેસમાં રોગના કારણ અને પરિણામ બન્ને ઉપર દિવ્ય-શક્તિનું દબાણ મૂકવું જરૂરી છે. ઘણી વખત રોગીની પ્રકૃતિમાંનો નિરાશાવાદ અથવા અસંતોષ આવા ઉપાયોને નાથતો નથી.

રોગ-નિવારણ ન થવાનું એક આધ્યાત્મિક કારણ પણ છે. જો તેની ચેતનાના વિકાસ માટે તે માંદગી જરૂરી હોવાનું આયોજન હોય તો તે માંદગી તેની ચેતનાના નિશ્ચિત વિકાસ બાદ જ મટશે અથવા આયુષ્ય જ ખૂટી ગયું હોય તો પણ આ જ ઘટના બને છે.

ઈશુ તો દુખતા ભાગ ઉપર હાથ મૂકીને રોગ-નિવારણ કરતાં. તેમાં તમે હાથ દ્વારા ઊર્ધ્વમાંની શક્તિઓને દુખતા ભાગ ઉપર સીંચો છો અને ત્યાં સંવાદમયતા કે વ્યવસ્થિતાની શક્તિ મૂકો છો. માતાજી પણ આ રીતે ઘણી વખત ઉપાયો અજમાવતાં, તે વખતે તેમના હાથનાં ટેરવામાંથી પ્રકાશ-કિરણો નીકળી સામેની વ્યક્તિના દુખતા ભાગમાં પ્રવેશતા તેઓ જોઈ શકતાં. માતાજીની સામે શ્રી અરવિન્દે એક સાધકના મસ્તકમાંના સબાકા મટાડેલા, ત્યારે માતાજીએ જોએલું કે શ્રી અરવિન્દનો સૂક્ષ્મ હાથ લંબાઈને તેણે મસ્તકમાંના એક નાચતા કૂદતા કાળા બિન્દુને પકડી કીડાની જેમ બહાર ફેંકી દીધેલું.

દિવ્ય-શક્તિનું એક સ્વરૂપ સંકલ્પશક્તિ છે. આ શક્તિ દ્વારા મનોમય ઘડતર રચવામાં આવે છે, જેમાં રોગ-નિવારણ ક્ષમતા મૂકવામાં આવે છે. તેને રોગી તરફ મોકલી દેવામાં આવે છે. તે ઘડતર રોગીના ચિત્તમાં પ્રવેશી આશા-સંચાર કરાવે છે, જે રોગ - નિવારણ કરે છે. આની સાથે પ્રભુની કરુણા માટે પ્રાર્થના કરવામાં આવે તો તે ઘણી સફળ થાય છે. ઘડતરને રોગ-નિવારણ શક્તિ અને ક્ષમતા આપવામાં તેમાં મૂકેલી ભાવનાઓ, પ્રેમ, મૃદુતા, કરુણા અને દૃઢ-સંકલ્પ કામ કરતા હોય છે.

ખાસ કારણસર પ્રાર્થના કરવી હોય તો મનોમય ઘડતર રચવું અનિવાર્ય બની જાય છે.

## નૂતન વર્ષાભિનંદન

સહજ સત્સંગના સર્વે દાતાઓ, ગ્રાહકો, વાંચકો, ચાહકોને નૂતનવર્ષ શ્રી અરવિન્દ અને શ્રી માતાજીની અસીમ કૃપાથી યોગસાધનામાં તેમજ ભૌતિક, આર્થિક, સામાજિક કૌટુંબિક તથા વ્યક્તિગત જીવનમાં, પ્રગતિકારક, સાચી શાંતિ, આનંદ અને સમજણ લાવનાર, પ્રભુ તથા જગન્માતા પ્રત્યે બિનશરતી સંપૂર્ણ સમર્પણ લાવી આપનાર. નૂતન જગતના આવિર્ભાવમાં મદદરૂપ બનનાર નિવડે એવી પરમ-પ્રભુ ચરણે પ્રાર્થના.

**- ટ્રસ્ટી મંડળ**

# આત્મસિદ્ધિ

- શ્રી અરવિન્દ અને શ્રી માતાજી

## પૂર્ણયોગનો પરિણામ : સર્વદેશીય પૂર્ણતા

(પુસ્તિકા પૃ.૧૭-૧૯)    પ્રકરણ - ૪

**સમજૂતી** - માનસિંહ ચાવડા

મુક્તિનો સર્વસામાન્ય અર્થ છે વ્યક્તિના અહંકારમાંથી મુક્તિ અને વૈશ્વિક અને તે બાદ વિશ્વાતીત ચેતનામાં પ્રવેશ (વિશતે તદનંતરમ્ - ગીતા) આને જ કહે છે પુરુષોત્તમ રૂપે પ્રભુનો સાક્ષાત્કાર. આ છે પરમ-બ્રહ્મનો સાક્ષાત્કાર. બ્રહ્મ અને પરબ્રહ્મ વચ્ચેનો કક્ષા ભેદ સમજી લેવો જરૂરી છે. બ્રહ્મ સાક્ષાત્કારમાં નિરાકાર, અવિચળ, અખંડ નિષ્ક્રય, નિર્ગુણ, દૃષ્ટાસ્વરૂપ, શુદ્ધ અસ્તિત્વ-સ્વરૂપ ચેતના માત્રનો સાક્ષાત્કાર હોય છે, જેને અક્ષરપુરુષનો સાક્ષાત્કાર કહે છે. પરબ્રહ્મના સાક્ષાત્કારમાં સાકાર-નિરાકાર, સગુણ-નિર્ગુણ, સક્રિય-નિષ્ક્રિય, ફક્ત સત્ નહિ પણ ચિત્ત અને આનંદસ્વરૂપ પણ અને સીમિત-અસીમ બધાં જ પ્રકારની ચેતનાનો સાક્ષાત્કાર હોય છે; તેને પુરુષોત્તમનો સાક્ષાત્કાર કહે છે.

**સાક્ષાત્કારનાં પરિણામો**

આવા પૂર્ણ સાક્ષાત્કારોને લીધે આવતો પરિણામ પણ પૂર્ણ સ્વરૂપનો હોય છે. તેમાં જ્ઞાન, ભક્તિ અને કર્મયોગ ત્રણે યોગનાં પરિણામોનો સમન્વય થાય છે. અહંકારમાંથી મુક્તિ અને આત્મતત્ત્વનો સાક્ષાત્કાર એ જ્ઞાનયોગનો પરિણામ છે. આત્મતત્ત્વની સાકાર લીલામાં પણ આનંદ માણવાની ક્ષમતા ભક્તિ-યોગનો પરિણામ હોય છે અને જીવનમાંના બધાં જ કાર્યો કરવા છતાં અકર્મ દશા..... અર્થાત્ કર્મનો કર્તા હું નથી, પણ પ્રભુ પોતે જ છે. હું તો તેનું એક કરણમાત્ર છું એવો ભાવ એ કર્મયોગનો પરિણામ છે.

આ રીતે પ્રભુની બધી જ શક્તિઓનું તે સમર્પિત માધ્યમ બની જાય છે. પ્રભુનાં ભૌતિક સ્તરે અવતરણ પામવાની તે નીક બની જાય છે. આને કારણે સત્ય અર્થાત્ પ્રભુના સંકલ્પો આપણા વિવિધ કરણો દ્વારા (અર્થાત્ મન, પ્રાણ, શરીર દ્વારા) વિચારો, ભાવનાઓ અને કર્મસ્વરૂપે પ્રકટ થાય છે. આવી વ્યક્તિનું સમગ્ર જીવન અર્થાત્ વિચારો, ભાવનાઓ અને કર્મ સત્-ચિત્ત-આનંદસ્વરૂપ બની જાય છે અર્થાત્ સત્-તત્ત્વ જીવનનાં સત્યમ્ (વાસ્તવિકતા) સ્વરૂપે પ્રગટ થાય છે. ચિત્-તત્ત્વ જીવનમાં શિવમ્ (શુદ્ધતા પાવિત્ર્ય) સ્વરૂપે પ્રકટ થાય છે. આનંદતત્ત્વ જીવનમાં આંતરિક પ્રસન્નતા અને અન્યો પ્રત્યે નિર્વ્યાજ, નિરપેક્ષ પ્રેમ અને કરુણા તરીકે પ્રકટ થાય છે. સર્વત્ર પ્રભુદર્શન જ થાય છે. આ ત્રણે પરિણામો અહંકારથી નહીં પણ પ્રભુથી સંચાલિત થતાં લાગે છે. પૂર્ણયોગના અભ્યાસને આ પરિણામ હોય છે.

**પરિણામોનો સમન્વય**

પૂર્ણયોગનું બીજું નામ સમન્વય - યોગ છે. (Integral Yoga, Synthesis of Yoga).

તેથી પૂર્ણયોગનાં પરિણામોમાં હઠયોગ (પ્રાણ અને શરીરનો યોગ) અને રાજયોગ (મનનો યોગ)નાં પરિણામોનો તો સમાવેશ થાય છે જ. સાથે સાથે ઉપર કહ્યાં તેમ જ્ઞાનયોગ, ભક્તિયોગ અને કર્મયોગનો પણ સમાવેશ થાય છે (વિચારો, ભાવનાઓ અને કર્મનો) પૂર્ણયોગથી જાગૃત થએલી દિવ્ય-શક્તિઓએ આપણાં મન, પ્રાણ, શરીર અને તેની શક્તિઓ સ્વરૂપ વિચારો, ભાવનાઓ, કર્મનું પણ રૂપાંતર કરવું જરૂરી છે. આ ત્રણેને પણ પૂર્ણતા આપવી જરૂરી છે. પૂર્ણતા એટલે જે તે તત્ત્વની પ્રભુના સંકલ્પને શુદ્ધસ્વરૂપે, નિત્ય સ્વરૂપે, પૂર્ણસ્વરૂપે પ્રકટ કરવાની જન્મજાત ક્ષમતા.

**પરિણામોની સર્વગ્રાહી કક્ષાઓ**

પૂર્ણતા કેવળ વ્યક્તિ-કક્ષાએ હાંસલ કરવાથી તે પૂર્ણ થતી નથી. અને ફક્ત વ્યક્તિ - કક્ષાની સિદ્ધિ સ્થાયી પણ હોતી નથી. આ પૂર્ણતા અન્ય સહુમાં પણ વિકસવી જરૂરી છે, કારણ વ્યક્તિ કક્ષાએ જ આપણે આત્મતત્ત્વને ભૂતમાત્રમાં લીલા કરતું અનુભવીએ છીએ. તે આત્મતત્ત્વે પણ દરેક દ્વારા દૈવી-પૂર્ણતા પ્રાત

કરવાની હોય છે. આપણી વ્યક્તિગત પૂર્ણતાનો ઉપયોગ પણ તે જ છે. સમગ્ર માનવજાત આવી પૂર્ણતા પ્રાપ્ત કરશે એવી શ્રદ્ધા પૂર્ણયોગમાં જરૂરી છે અને તે માટે ખંતપૂર્વક કાર્ય કરતા રહેવું એ પૂર્ણયોગીનો સ્વભાવ છે.

આ રીતે વ્યક્તિ અને સમષ્ટિ બન્ને કક્ષાએ પૂર્ણતાનાં પરિણામો દેખાવા જરૂરી છે. તો જ સાચી દૈવી-પૂર્ણતા સ્થાયી બનશે. જ્યારે આવી પૂર્ણતા પ્રાપ્ત થશે ત્યારે તેને જ શાસ્ત્રો, સત્યયુગ, કૃત-યુગ, સુવર્ણ-યુગના નામે ઉલ્લેખ કરે છે. ચરાચર સૃષ્ટિમાં પ્રભુનો સંકલ્પ-સિદ્ધ થવો એ જ સત્યયુગ છે. ચરાચર સૃષ્ટિમાં દિવ્ય-પૂર્ણતા સ્થાયી થવી એ જ કૃતકૃત્યતા હોવાથી કૃતયુગ છે. માનવ-જાતિના વિકાસની આ ચરમસીમા હોવાથી તે સુવર્ણયુગ છે. આવા સત્ય, કૃત કે સુર્વણયુગમાં માનવમાત્રના અંતરમાં પ્રગટેલું પ્રભુનું ઓજસ (દિવ્ય-પ્રકાશ) જીવનને સંચાલિત કરે છે, તેવું વર્ણન શાસ્ત્રોમાં જોવા મળે છે.

મનુષ્યજાતિમાં હજી સુધી અવ્યક્ત રહેલ પ્રભુને વ્યક્તિગત કક્ષાએ આત્મોન્નતિ દ્વારા અને સમગ્ર માનવજાતમાં સર્વોન્નતિ દ્વારા પ્રકટ કરવો એ જ આજની કક્ષાની પૂર્ણતા ગણવી પડશે. ભવિષ્યમાં આ પૂર્ણતા પશુ, પક્ષી, કીટક તેમ જ અવચેતન અને અચેતન કક્ષાએ ક્ષારો, ખનીજો, રસાયણો સુધી વિસ્તરી શકે છે, કારણ ત્યાં પણ પ્રભુ તો બિરાજતા જ હોય છે.

---

(પૃ.૪૮ ઉપરથી)

## અધિમનસ - સિદ્ધિદિન

અધિમનસ દ્વારા શ્રી અરવિન્દે સિદ્ધ કરી આપ્યું છે કે માનવ અને પરમપ્રભુ અલગ અસ્તિત્વ નથી. બન્ને તત્ત્વથી એક જ છે. જે રીતે બીજ અવિકસિત વૃક્ષ છે અને વૃક્ષ એ વિકાસ પામેલ બીજ છે તે રીતે માનવ એ અવિકસિત પ્રભુ છે અને પ્રભુ એ વિકાસ પામેલ માનવ છે.

અધિમનસમાં માનવ પ્રભુ સાથે એકત્વ પામે છે, પરંતુ તત્ત્વતઃ પ્રભુમાં લય પામતો નથી. તત્ત્વતઃ પ્રભુમાં લય પામવું એ અધિમનસનું અતિમનસમાં રૂપાંતર થાય છે ત્યારે જ શક્ય બને છે.

સિદ્ધિદિનની ઉજવણી એટલે પ્રત્યેક જીવે એ અનુભવવાનું છે કે પોતે પુરુષોત્તમથી ભિન્ન પુરુષ નથી પોતે પુરુષોત્તમનો જ સનાતન અંશ છે.

ૐ શાંતિ શાંતિ શાંતિ

# સુંદર કથાઓ
- માતાજી

# કાચાકાનનો બાદશાહ

(પૃ. - ૧૭૪-૧૭૫)

**સમજૂતી** - માનસિંહ ચાવડા

ફિરદોસી મહાન કવિ. તેણે ઈરાનના રાજાઓનો ઈતિહાસ કાવ્યમય ભાષામાં લખ્યો. તેણે તે પ્રેમથી સુલતાનને સંભળાવ્યો. સુલતાન ખુશ થયો. તેણે તેનું દરબારમાં સન્માન કરવાનું નક્કી કર્યું. પણ તેમના વજીરને ફિરદોસી દીઠો ગમતો નહિ. તેણે રાજાને કહ્યું, ''બાદશાહ, ખજાનો તળિયાઝાટક છે. વળી આ ફિરદોસી તો લુચ્ચો છે. તેણે તમારા પૂર્વજોનો ઈતિહાસ લખી ખજાનો લૂંટવાનો જ કારસો કરેલો છે.''

રાજાને વાત સાચી લાગી.

''બાદશાહ, આપ તેને સોનાની સાંઈઠ હજાર મોહરો કરતા સાંઈઠ હજાર ચાંદીના સિક્કા જ મોકલાવી દો. તે પણ તે પ્રેમથી સ્વીકારી લેશે, જો જો.''

રાજાએ તેમ જ કર્યું.

ફિરદોસીને પોતાનું અપમાન લાગ્યું. તેણે તે સિક્કા પોતાના મિત્રોમાં વહેંચી દીધા.

રાજાને આ વાત ખબર પડી. તેને ગુસ્સો આવ્યો.

વઝીર બોલ્યો, ''જોયું જહાંપનાહ, તેને તમારી પણ કદર નથી.''

રાજાએ તેને પગમાં બેડીઓ ઠોકી પકડી મંગાવ્યો. હાથીના પગ નીચે ચકદાવી મારવાનો હુકમ કર્યો.

પણ ફિરદોસીને તેના મિત્રોએ ચેતવી દીધેલો. તે પરદેશ ભાગી ગયો અને અંતે પોતાના મૂળ ગામ તૂરામાં સ્થાયી થયો. તેણે ઘણા સુંદર કાવ્યો રચ્યાં.

રાજાને અંતે સાચી વાત ખબર પડી. તેણે વઝીરને કેદ કર્યો અને ફિરદોસી માટે સાંઈઠ હજાર સોના મહોરો અને કપડાં કિનખાબ મોકલ્યાં. જ્યારે આ ભેટ - સોગાદ લઈને રાજાના ઊંટો તુરા શહેરના એક દરવાજેથી પ્રવેશતા હતા ત્યારે તે શહેરના બીજા દરવાજેથી ફિરદોસીનો જનાજો ગામ બહાર જઈ રહ્યો હતો.

રાજાને મોડેથી અક્કલ આવી. તેને પશ્ચાતાપ થયો.

# અધિમનસ - સિદ્ધિદિન

- હર્ષદ ઠકરાર

શ્રી અરવિન્દ આશ્રમ અને જગતમાં જ્યાં જ્યાં શ્રી અરવિન્દ કેન્દ્રો, શ્રી અરવિન્દના ભક્તો છે તે સર્વે તા.૨૪ નવેમ્બરને અધિમનસ સિદ્ધિદિન તરીકે ઉજવે છે.

૨૪ નવેમ્બરે શ્રી અરવિન્દે પાર્થિવ ચેતનામાં શ્રીકૃષ્ણ ચેતનાનો આવિર્ભાવ સિદ્ધ કરી આપ્યો છે, તે કારણ સિદ્ધિદિન તરીકે ઉજવવામાં આવે છે. શ્રી અરવિન્દે કોઈપણ પ્રકારની પરંપરાગત તુલનાત્મક સરખામણી ન થાય તે માટે આ ચેતનાને અધિમનસ ચેતના કહી છે.

અધિમનસ ચેતના એટલે આ જગતમાં જે કાંઈ છે તે સર્વે બ્રહ્મસ્વરૂપ છે તેની અનુભૂતિ શ્રી અરવિન્દે વ્યક્તિગતરૂપે આ સિદ્ધિ તેમના કારાવાસ દરમ્યાન પ્રાપ્ત કરી લીધી હતી. પરંતુ તેનાથી તેમને સંતોષ ન હતો. પરંતુ શ્રી અરવિન્દ અભીપ્સા સેવતા હતા કે પાર્થિવ ચેતના રૂપાંતર પામે અને અધિમનસ ચેતનારૂપે પ્રગટ થાય.

અધિમનસ ચેતના સમજવા માટે આપણે મનોમય ચેતના અને અધિમનસ ચેતના વચ્ચેની જુદી જુદી અવસ્થા વિશે સહચિંતન કરશું.

શ્રી અરવિન્દના મતે મનથી અધિમનસ વચ્ચે ત્રણ અવસ્થાઓ આવે છે- ઊર્ધ્વમન, પ્રકાશિત મન અને પ્રેરણાત્મક મન.

મનથી અધિમનસ મનસને ઉત્ક્રાંતિ સમજવા માટે આપણે હાલનું માનવીય મન સમજવું પડશે. વેદ, ઉપનિષદના મત મુજબ માનવ-મન ચાર ઘટકોનું બનેલું છે. માનવ-મનમાં મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકારનો સમાવેશ થાય છે. માનવ સામાન્ય રીતે મન દ્વારા વિચારે છે, બુદ્ધિ દ્વારા તેનું વિશ્લેષણકરે છે. ચિત્ત દ્વારા અર્થ પ્રાપ્ત કરે છે અને અહંકાર દ્વારા વિચારને અમલમાં મૂકે છે.

મનની તેની સર્વોચ્ચ અવસ્થામાં રૂપાંતર એટલે અધિમનસ. અધિમનસ

એટલે મનસ તત્ત્વનો નાશ નહીં પરંતુ તેનું રૂપાંતર જે રીતે દૂધ દહીંમાં રૂપાંતરિત થવાથી દૂધનો નાશ થતો નથી તે રીતે મનનું અધિમનસમાં રૂપાંતર થવાથી મનનો નાશ થતો નથી. મનનું અધિમનસમાં રૂપાંતર એ જ છે શ્રી અરવિન્દની સિદ્ધિ.

મનનું અધિમનસમાં રૂપાંતર થતું હોવાથી મનનાં ઘટકો પ્રકાશિત મન, પ્રેરણાત્મક મન, ચિત્-શક્તિ અને ચૈત્યપુરુષમાં રૂપાંતર પામે છે.

અધિમનસમાં મનનું પ્રકાશિત મનમાં રૂપાંતર થતું હોવાથી મન જે બાહ્ય ઘટના દ્વારા વિચારતું હતું તેના બદલે બાહ્ય ઘટનાના કારણરૂપ રહેલ ચેતનાને અનુભવે છે.

અધિમનસમાં બુદ્ધિ પ્રેરણાત્મક મનમાં રૂપાંતરિત થવાથી, બુદ્ધિ અગાઉ બાહ્ય ઘટનાને આધારિત વિશ્લેશણ દ્વારા નિર્ણય લેતી હતી. તેને બદલે બુદ્ધિ પ્રત્યક્ષ દિવ્ય ચેતનામાંથી પ્રેરણા પ્રાપ્ત કરી નિર્ણય લે છે.

અધિમનસમાં ચિત્તનું આદિ ચિત્-શક્તિમાં રૂપાંતર થવાથી, અત્યાર સુધી ચિત્ત જે જન્મોજન્મના સંસ્કારો દ્વારા સંકુચિત થયેલું હતું તેમાંથી મુક્ત થઈ પરમ ચિત્શક્તિને અભિવ્યક્ત કરે છે, જે બુદ્ધિને નિર્ણય લેવામાં પ્રેરણા આપે છે.


અધિમનસમાં અહંકારનું ચૈત્યપુરુષમાં રૂપાંતર થવાથી માનવ વ્યક્તિ તરીકે નહીં પરંતુ પુરુષોત્તમ-પ્રભુના અંશરૂપે અભિવ્યક્ત થાય છે. માનવ મનોમયપુરુષ તરીકે નહીં, પરમપ્રભુના અંશ રૂપે કર્મ કરે છે, જે દ્વારા માનવ આ જગતમાં જે કાંઈ અસ્તિત્વ ધરાવે છે તે અસ્તિત્વમાં પાર્થિવતાને બદલે દિવ્યતાને અનુભવે છે.

શ્રીકૃષ્ણ સ્વરૂપે દિવ્ય-ચેતનાએ માનવદેહ ધારણ કર્યો હતો ત્યારે દિવ્ય-ચેતનાએ માનવસ્વરૂપ જ ધારણ કર્યું હતું. તે સ્વરૂપની પ્રકૃતિ તો પરા પ્રકૃતિ જ હતી. પરંતુ દિવ્ય ચેતનાએ જ્યારે શ્રી અરવિન્દ તરીકે દેહ ધારણ કર્યો ત્યારે તેણે માનવદેહ રૂપે અપરાપ્રકૃતિ સહિત દેહ ધારણ કર્યો છે.

શ્રી અરવિન્દે માનવદેહરૂપે રહેલ અપરાપ્રકૃતિનું પરાપ્રકૃતિમાં રૂપાંતર સાધી શકાય તે સિદ્ધ કરી આપેલ છે. શ્રી અરવિન્દે આ સિદ્ધિ ૨૪ નવેમ્બર ૧૯૨૬ના રોજ પ્રાપ્ત કરી એટલે જ આ દિવસ સિદ્ધિદિન તરીકે ઉજવવામાં આવે છે.

અધિમનસની સિદ્ધિ દ્વારા શ્રી અરવિન્દે આ જગતની ઉત્ક્રાંતિને વ્યક્તિગત ચેતનામાંથી વિશ્વાતીત ચેતનમામાં પ્રવેશ કરાવી આપેલ છે. આ સિદ્ધિ દ્વારા માનવ ઉત્ક્રાંત થઈ વૈશ્વિક ચેતનામાંથી વિશ્વાતીત ચેતનામાં પ્રવેશ પામ્યો છે.

(અનુ.પૃ.૪૫ ઉપર)



# શ્રી અરવિંદ

It is the origin and the master clue,
A silence overhead, an inner Voice.

Savitri B-1, C-4, P.49


## સાધનાનું હાર્દ

ભાવાનુવાદ

સાધનાનું મર્મ ને, હાર્દ તું ધ્યાને ધર,
જેથી નિર્વિઘ્ન સાધના, અંતે મળે પરમેશ્વર.
મસ્તક ઉપરે ઊર્ધ્વમાં, અવકાશે ચેતના સ્થિર,
સ્તબ્ધ, નિરવતાને વરે, ને એ સાક્ષિભાવને ધર.
હૃદયે પ્રભુને પ્રાર્થના, ને આત્મનિવેદનો સ્ફૂરે,
સતત તેની હાજરી, અનુભવે ને સ્થિર કરે.

# વિશ્વેશ્વરમ્

## (કાશી, બનારસ, ઉત્તર પ્રદેશ)



કાશિ નરેશ દિવોદાસ હતો, રિપુંજય મૂળ નામ જણાય,
દિવ્યકર્મીને સુવહિવટી, કાશિનું એ ધામ ગણાય.
દેવો ત્યાં આવી વસ્યાં, ઈન્દ્રરાજની સાથ,
કાશિ પ્રકાશમય બની, દિવ્ય-સમાજ બની જાત.
કાશિનો અર્થ પ્રકાશમય, વારણા અસિ સંગમ,
તેથી વારાણસી પણ કહે, એ નામ છે હૃદયંગમ.
'અસિ' અસ્તિત્વરૂપ ગણી, વારણા વરેણ્ય રૂપ,
દિવ્ય-જીવનની ઉપાસના, દિવ્ય-સમાજને અનુરૂપ.
વિશ્વનાથ પણ આવી વસે, વિશ્વેશ્વર ધરી નામ,
તેનું શરણું ભાગ્યે મળે, એ છે શાસ્ત્રવિધાન.
કાશિમરણ પવિત્ર ગણ્યું, જે મરણે ચિત્ત એકાગ્ર,
પ્રકાશમય પ્રભુરૂપ થઈ, તે દિવ્ય-મરણનો માર્ગ.
મુક્તિ નિશ્ચિત બને, સ્વૈચ્છિક જન્મની વાત,
પ્રભુકાર્ય ધપાવવા, એ કર્મયોગી બની જાત.
હું પ્રભુનું કરણ છું, વિશ્વેશ્વર કરે કામ,
એ ભાવે કર્તૃત્વભાવ તજી, જીવે એ આત્મારામ.
આ વિશ્વેશ્વરની ઉપાસના, કહી વેદ પુરાણે,
અનુભવી વાત સમજી શકે, ને ઋષિવરો વાત વખાણે.


**ઈન્ટરનેટ ઉપર રાજકોટ કેન્દ્રના પ્રકાશનો**

**સહજ સત્સંગ માસિક**
www.motherandsriaurobindo.org>E-Library>Magazines>SahajSatsang(Gujarati)
www.aurogujarat.com>Journals & Ebooks>Sahaj Satsang

**પુસ્તકો**
www.motherandsriaurobindo.org>centers>India>Gujarat>Rajkot

E-mail ID : sahajsatsang@gmail.com

**સહજ-સત્સંગ**

અર્પણ, ૨૫૯, વૃંદાવન સોસાયટી, કાલાવડ રોડ, રાજકોટ - ૫

**લવાજમ : વાર્ષિક માતૃચરણે અર્પણ : રૂા. ૧૨૫.૦૦ વિદેશમાં ૮૦૦.૦૦**

Registered with the registrar of Newspaper of INDIA
RNI No. 075948/23/22 9-T.C. Regd. No. GRJ-303 Valid upto Dec.-2014

DATE OF POSTING : 1st OF EVERY MONTH - **RAJKOT - RMS**